
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દરમાસની ૧૧ તારીખે • સળંગ અંક ૧૯૯ • ઓગસ્ટ-૨૦૨૧





## ગુરુપૂર્ણિમા

પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧








શ્રી સ્વામિનારાયણ મંદિરકાલુપુરમાં ગુરુપૂર્ણિમા અને
પ.પૂ.બાલક મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ ઉજવાયો
જેમાં ઘણા સમય બાદ મોટી સંખ્યામાં હરિભક્તો





શ્રી સ્વામિનારાયણ મંદિરકાલુપુરમાં એક સાથે ૧૯ સંતોને ભાગવતી દીક્ષા આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ


## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર




વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૫) ● અંક : ૧૬૯ ● ઓગસ્ટ-૨૦૨૧

## અ નુ ક્ર મ ણિ કા

| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ | ૦૬ |
| ૦૪. | પર્વની સાથે સાથે | ૦૮ |
| ૦૫. | બાલવા | ૧૦ |
| ૦૬. | ગુરુપૂર્ણિમા પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર અપર સ્વરૂપોના મુખેથી અમૃતવચનો | ૧૧ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૮. | ભક્તિસુધા | ૧૪ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૧૬ |



**સંસ્થાપક**

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

**તંત્રી શ્રી**

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

**એડ્રેસમાં ફેરફાર કરવા**

E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

જ્યારે પ્રકૃતિમાં સર્વત્ર વાતાવરણ આનંદદાયક થાય છે ત્યારે જીવ પ્રાણીમાત્રના હૃદયમાં પણ આનંદની લહેર ઉમટી પડે છે. આનંદ અને ઉત્સાહમાં કરેલ સર્વ કાર્યો અતિ સુખદાયક થાય છે. તેવા સુખદાયક સમયમાં જ પરમેશ્વરની પ્રાપ્તિ કરાવે તેવા શુભ કાર્યો જો આપણે કરીએ તો આ જીવાત્માને જન્મ મૃત્યુના મહાભંયકર કષ્ટમાંથી અવશ્ય છુટકારો મળી જ જાય છે. તેથી જ તો જેવો પ્રકૃતિમાં ફેરફાર થવાનો ચાલું થાય અને આપણા ઋષિમુનિઓએ આપણા માટે સૌ પ્રથમ દિવ્ય અને અતિ શુભ અવસર આપ્યો છે. તે છે ગુરુપૂર્ણિમાનો દિવ્ય લાભ. જેમાં ગુરુશ્રીનું પૂજન અર્ચન કરીને તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે પોતાના આત્યન્તિક મોક્ષના માર્ગે પ્રયાણ કરવાનું છે. જેમાં પવિત્રતા અને ભગવાનની નવધાભક્તિ રૂપ જપ તપથી પોતાના ઈષ્ટદેવની આરાધના કરવાનો સમય એટલે ચાતુર્માસ જેમ શ્રીહરિની આજ્ઞા શ્રી શિક્ષાપત્રીમાં છે તે પ્રમાણે વિશેષ પ્રકારે કરીને વિષયોમાંથી વૃત્તિને પાછી વાળીને ભગવાનના સ્વરૂપમાં સ્થિર કરવા માટે નિયમો ધારણ કરવાના છે. તે સત્શાસ્ત્રો સત્યસ્વરૂપ એવા પરમાત્મા ભગવાન શ્રીહરિ અને શ્રીહરિના અપર સ્વરૂપ એવા ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી કરેલું ભજન કે ભક્તિ સંપૂર્ણ આધ્યાત્મિક શુભ સફળતા પ્રાપ્ત કરાવે છે. આજ્ઞા અને ઉપાસના જ મુખ્ય આધાર છે. આધ્યાત્મિક માર્ગનો તેના વિના કરેલા સર્વ પ્રકારના કાર્યો જેવા કે જપ, તપ, સાધના આ બધું લૌકિક ફળ એટલે કે માન, ધન અપાવે પણ મોક્ષની વાતતો લેશ માત્ર પણ તેમાં આવે જ નહિ. તે તો માત્ર જન્મ મૃત્યુ અને ચોરાસીનો ફેરો કરાવે. માટે મુમુક્ષુ એવા ભગવદ્ ભક્તોએ સાવધાન થઈને શાસ્ત્રોની મર્યાદામાં રહીને મોક્ષ સાધી લેવો એજ સૌના હિતમાં છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

## સૂચના

આ વિભાગ નિજ મંદિર ગર્ભગૃહ ઠાકોરજીના ચલ સ્વરૂપની વિશેષ સ્થાપના પૂજા માટે જ છે.

શ્રીજી મહારાજની આજ્ઞા અનુસાર દેવની મર્યાદા જાળવવા ત્યાગી સિવાયના દર્શનાર્થીઓ એ આ પ્રથમ કોળીમાં પ્રવેશ કરવો વર્જીત છે.

-હુકમથી

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૧)

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ૧૯ પાર્ષદોને સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થઈ.

૨૪ ગુરુપૂર્ણિમા શ્રી નરનારાયણદેવ દેશના હજારો સંત-હરિભક્તો દ્વારા ધર્મવંશી ગુરુનું ગુરુપૂજન અર્ચન ધામધૂમપૂર્વક સંપન્ન થયું. સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ આપીને ખૂબજ સૌ ઉપર રાજી થયા.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૨૧)

૨૪ ગુરુપૂર્ણિમા શ્રી નરનારાયણદેવ દેશના હજારો સંત-હરિભક્તો દ્વારા ધર્મવંશી ગુરુનું ગુરુપૂજન અર્ચન ધામધૂમપૂર્વક સંપન્ન થયું. સૌ સંત-હરિભક્તોને રૂડા આશીર્વાદ આપીને ખૂબજ સૌ ઉપર રાજી થયા.

# રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણા સંપ્રદાયના મોટા શિખરબધ્ધ તથા હરિમંદિરો દેશ વિદેશમાં ઘણા બધા છે. આ તમામ મંદિરોમાં સવારથી લઈ રાત્રિ સુધીના જે નિત્ય નિયમો તેની ઘણી બધી એક સૂત્રતા જોવા મળે છે. તેમાં દૈનિક નિયમોમાં ગાવામાં આવતી સ્તુતિ-પ્રાર્થના-મંત્ર-સ્તોત્રાદિની પરંપરા દુનિયાના અન્ય ધર્મ સંપ્રદાયો કરતા આપણો સંપ્રદાય એક અલગ વિશેષતા ધરાવે છે.

ઉધ્ધવ સંપ્રદાયના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામીના સમકાલીન સમયમાં બધી જગ્યાઓએ અલગ-અલગ સ્તુતિ-પ્રાર્થનાઓ ભક્તો ગાન કરતા પણ જ્યારથી શ્રીહરિ સંપ્રદાયના ધર્મધુરંધર બન્યા ત્યાર પછી સમયે સમયે સુધારા વધારા કરતા કરતા એક આધ્યાત્મિક માળખું મજબુત બનાવતા રહ્યા. તે બધા નિત્ય-નિયમોમાં એક સંધ્યા આરતી પછી જે ‘‘રામકૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ’’ની ધૂન સમૂહગાન કરવામાં આવે છે તે પરંપરાથી ધાર્મિક જગતમાં મુમુક્ષુઓને આપણા સંપ્રદાય પ્રત્યે એક ઉદાર ભાવનાનો ભાવ ઉત્પન્ન કરાવે છે. સંકુચિત વૃત્તિઓથી બહાર નીકળી સર્વધર્મ સમભાવની એક લાગણી ઉત્પન્ન કરનારી આ ધૂન છે. જો કોઈ અન્ય સંપ્રદાયનો અનુયાયી માત્ર સંધ્યા આરતી બાદ ગાવામાં આવતી આ ધૂન જો એકવાર પણ સાંભળે તો તેને આપણા સંપ્રદાય પ્રત્યેની ભાવના બદલાઈ જાય. જે જમાનામાં ‘‘રામપાત્ર’’ બોલવા ઉપર પણ કેટલીક વિચારધારા વાળાનો પ્રતિબંધ હતો તેવા સમયમાં આવું એક સાહસ શ્રીજી મહારાજે કર્યુ. તેનાથી ધાર્મિક દુનિયાને નવો વળાંક કહો કે માર્ગ કહો, કે બધાને એક સૂત્રમાં જોડવાના પ્રયત્નો કહો, પણ એક વિસ્ફોટ જેવો પ્રયત્ન કહી શકાય. તેમાંય વળી સંપ્રદાયના તમામ ત્યાગી-ગૃહી-બાઈ-ભાઈ સર્વે અનુયાયીઓને આવી વિશાળ વિચારધારામાં એક મતે લાવવા શ્રીહરિએ પોતાના પુરુષોત્તમપણાનો ઉપયોગ કર્યો હોય તે વિના આ શક્ય નથી. ગામો-ગામ નગરે-નગર સહુ ‘‘શ્રી રામકૃષ્ણ ગોવિંદ’’ની ધૂન ગાવા લાગ્યા.

આ ધૂનની શરૂઆત ક્યાં અને કેવી રીતે થઈ તે વાત ‘‘શ્રીહરિકૃષ્ણ લીલામૃત સાગર’’માં લેખક સદ્‌ગુરુ સ્વામી માધવદાસજી જેઓ પૂર્વાશ્રમમાં વટામણ ગામના વતની હતા. શ્રીજી મહારાજની સાથે ૨૬ વર્ષ રહ્યા. તેઓ એ ૮૦ મોટા સમૈયાના દર્શન કર્યા. જેઓને મહારાજ ૨૦ વાર બાથમાં લઈને ભેટ્યા. ૧૪ વાર ચરણાર્વિંદ છાતીમાં પાડી આપ્યા. ૨૫ વાર રંગોત્સવમાં રમ્યા. ૮૩૨ વખત ઘોડા-હાથી ઉપર અસવાર થયેલા દર્શન કર્યા. ૧૬૦ ગામોમાં સાથે રહ્યા. ૩૨૫ વાર કાનોકાન શ્રીહરિના અમૃત વચન વચનામૃત સાંભળ્યા. ૮૩ વાર હાર પહેરાવ્યા. જેઓ વડતાલ વિભાગમાં જન્મ્યા અને વડતાલ મંદિરમાં આયુષ્યના અંત સુધી સેવા કરી એવા દાસ પંક્તિના પ્રથમ સંત સદ્‌ગુરુ શ્રી માધવદાસજી સ્વામી લખે છે કે,

એકવાર ગઢપુરમાં શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારગઢના ઓરડાનો પાયો ગળાવતા હતા. તે ટાણે વરસાદ બહુ વરસ્યો, ફળિયામાં પાણી પાણી થઈ ગયું. પાયા પાણીથી ભરાઈ ગયા. ત્યારે શ્રીહરિ પાણી ઉલેચાવતા શ્વેત વસ્ત્રો સાથે શ્વેત મોળિયું, ચાખડીયું પહેરીને ઉભા રહેતા. સંતો-હરિભક્તો પાવડા-કોદાળી-તગારા-મોટા વાસણો વડે પાણી ઉલેચતા હતો તે ગારા વાળા પાણીના છાંટા મહારાજના ઉપર પડતા હતા. સંતો કહે હે પ્રભુ ! આપના વસ્ત્રો મેલા થાય છે. તો પણ સંતો ભક્તોને ઉત્સાહ વધારવા સુંદર કરના લટકા કરતા કરતા કોઈ સુરતાલના સથવારે સૂર્યનારાયણ અસ્તાચળ તરફ ડૂબવામાં થોડી ગણતરીની પળ બાકી હતી ત્યારે અનંત ભુવનના નાથ શ્રીહરિ દાદા ખાચરના દરબારની ઓસરીએ બેસીને બોલ્યા કર, હવે અમારે સત્સંગમાં નિત્ય બોલવામાં આવતી ધૂન ઘણી વાર ફેરવી પણ હવે એક એવો નિરધાર કર્યો છે કે હવે એક ધૂન સમગ્ર સત્સંગમાં કરવી છે અને તેને ક્યારેય ફેરવવી નથી. આમ કહી શ્રીહરિ સ્વમુખે ધૂન ગાવા લાગ્યા અને સંતો-હરિભક્તો ઉભા રહીને સૂર અને તાળીઓના તાલની સાથે ઝીલવા લાગ્યા. શ્રીહરિ પ્રથમ ગાતા

**રામ કૃષ્ણ ગોવિંદ જય જય ગોવિંદ !**
**હરે રામ ગોવિંદ જય જય ગોવિંદ !**
**નારાયણ હરે શ્રીમન્નારાયણ હરે !**
**શ્રીમન્ન નારાયણ હરે, શ્રીમન્નારાયણ હરે !**
**કૃષ્ણ દેવ હરે જય જય કૃષ્ણદેવ હરે !**
**જય જય કૃષ્ણદેવ હરે, જય જય કૃષ્ણદેવ હરે !**
**વાસુદેવ હરે જય જય વાસુદેવ હરે !**

**જય જય વાસુદેવ હરે, જય જય વાસુદેવ હરે !**
**વાસુદેવ ગોવિંદ જય જય વાસુદેવ ગોવિંદ !**
**જય જય વાસુદેવ ગોવિંદ, જય જય વાસુદેવ ગોવિંદ !**
**રાધે ગોવિંદ જય રાધે ગોવિંદ !**
**વૃંદાવનચંદ્ર જય રાધે ગોવિંદ !**
**માધવ મુકુંદ જય માધવ મુકુંદ !**
**આનંદકંદ જય માધવ મુકુંદ !**
**નરનારાયણ ! સ્વામિનારાયણ !**
**નરનારાયણ ! સ્વામિનારાયણ કૈયે ।**
**સ્વામિનારાયણ સર્વોપરી લૈયૈ ॥**
**આવી ધૂનનું દંઢ જ કીધુ**
**સર્વે શીખીને કંઠે કરી લીધું**
**સ્વામિનારાયણ ઉભા પણ રહે છે.**

ધૂન કરાવે પોતે પણ કે છે તાળી પાડે છે પોતે હાથ, ધૂન કરાવે સહુને સાથ, ધૂન કરીને સ્તુતિ તે કરે, પોતે પ્રભુજી અતિ આદરે.

આવા સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ સાથે શ્રીહરિકૃષ્ણ લીલામૃત સાગરમાં તરંગ-૧૮ માં સદ્‌ગુરુ માધવદાસ સ્વામી લખે છે.

વળી એક પ્રસંગ સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી શ્રીહરિચરિત્રામૃત સાગરમાં લખે છે કે એક વખત શ્રીહરિ જેતલપુરમાં પોતાને રહેવાનો જે મહોલ ત્યાં ઉતર્યા હતા. અનેકવિધ લીલા કરી સંતો ભક્તોને સુખીયા કર્યા. એક દિવસ સંધ્યાનો સમય થયો. શ્રીહરિ મહોલમાં ગોખ ઉપર બેઠા હતા અને નીચે સર્વે સંતો-ભક્તો આરતી કરી ધૂન બોલતા હતા ત્યારે શ્રીહરિએ જોયું કે કેટલાક બોલે છે અને કેટલાક બોલતા નથી. આ શ્રીહરિને ગમ્યુ નહિ. તુરંત નીચે આવી સભા કરી. અને વાત કરી કે આવો અવસર વારે વારે મળતો નથી. જે આળસ રાખે છે. તેને હજી સમજણ કાચી છે.

બીજો દિવસ થયો શ્રીહરિ પલંગ ઉપર બેઠા. સંધ્યાનો સમય થઈ ગયો. અપાર મશાલોથી વિશાળ સભા ભરાણી. મંડપને વિચિત્ર રીતે શણગાર્યો હતો. બિલોરી કાચના વિચિત્ર ઝાડ અપાર પ્રકટાવ્યા હતા. મહોલમાં પણ તેવા ઝાડ પ્રગટાવ્યા હતા.

શ્રીહરિ ઉભા થઈને ધૂન બોલવા લાગ્યા. ત્યારે બધી સભા પણ ઉભી થઈ ગઈ અને સૌ ધૂન બોલવા લાગ્યા. શ્રીહરિ હાથથી તાળી પાડતા ત્યારે બધા હરિભક્તો અને સંતો પણ તાળી પાડવા લાગ્યા. તેની અદ્‌ભુત શોભા બની હતી.

ભગવાને જે જે અવતારમાં જે જે ચરિત્રો કર્યા હતા તેને દિવ્ય સમજીને જે ગાય છે તેને ભગવાન યમપુરીથી બચાવી લે છે. જમપુરીથી ઉદ્ધાર કરવા માટે તો અનંત અવતારોના ચરિત્રો કહ્યા હોય છે. આટલા માટે જ શ્રીહરિ વિવિધ ઐશ્વર્ય પ્રતાપ પૂર્ણ ચરિત્રોને અને નામોને ધૂનમાં બોલતા હતા. એક જાતના ભોજનથી ભૂખ તો ટળી શકે છે. તેમાં કાંઈ કસર રહેતી નથી છતા જુદા જુદા સ્વાદવાળા ભોજન બનાવાય છે અને લેવાય છે. તેના ગુણ પણ ઘણા અલગ પ્રકારના હોય છે. જેવું ભોજન તેવા તેવા સ્વાદ અને તેમાં તેવો ગુણ. તાજા અને તરત બનાવેલા ભોજનમાં જેવો સ્વાદ આવે છે તેવો બીજામાં આવતો નથી. તેમજ અવતારોમાં પ્રકટ શ્રીહરિનું મહત્વ સમજવું. અવતારોમાં કંઈ ભેદ નથી. પણ ચરિત્રોમાં બહુ ભેદ રહ્યો છે. તેવું પુરાણોમાં લખ્યું છે.''

વેદો પુરાણો-ઉપનિષદોમાં જે ભગવાનના નામ-મંત્રો કહ્યા છે તેના સાર રૂપે આ ધૂન શ્રીજી મહારાજે પ્રર્વતાવી છે. તે આખા સંપ્રદાયમાં ગવાય છે. સાર રૂપ આ સ્તુતિ સર્વ ધર્મ, સર્વ અવતારના સાર રૂપે આ પ્રસાદીની ધૂન છે.

સદ્‌ગુરુ બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીએ ''સત્સંગિભૂષણ'' ગ્રંથમાં એક પ્રસંગ વર્ણવ્યો છે કે, કાનમદેશ ના કરાળી ગામના અજુભાઈ કરીને હરિભક્ત શ્રીહરિના દર્શન કરવા અમદાવાદ આવ્યા. શ્રીહરિ નવાવાસમાં લીંબડાના વૃક્ષ નીચે સભામાં બિરાજમાન હતા. અજુભાઈ સાષ્ટાંગ પ્રણામ કરી બેઠા. તેમને શ્રીહરિએ પૂછ્યું કે, અજુભાઈ ! તમો અમદાવાદમાં ક્યારે અને શા માટે આવ્યા છો ? ત્યારે અજુભાઈ બોલ્યા, હે પ્રભો ! આ શહેરમાં અમારા શેઠ મોહનલાલભાઈના ઘેર તેમના દીકરાના લગ્ન પ્રસંગે આજે જ આવ્યો છું. થોડીવાર રહી પછી મોહનલાલ શેઠને ઘેર ગયા. ત્યાં મોટો વિચિત્ર પ્રકારનો સુંદર અને ભવ્ય મંડપ શણગારેલો હતો. આ જોઈ મિત્ર ભાવે અજુભાઈ કહે, મોહનલાલ શેઠ ! આવા સુંદર મંડપમાં જ્યાં સુધી શ્રી સ્વામિનારાયણ ભગવાન ન પધારે ત્યાં સુધી તમે કશું કર્યું ન કહેવાય. તુરંત મોહનલાલ શેઠે સોનાના રથમાં શ્રીહરિને બેસી પધારવા ખૂબ ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું અને પોતાની ઘરે

(અનુ. પેજ નં. ૯ પર)

# પર્વ ની સાથે સાથે

- અતુલ પોથીવાલા (અમદાવાદ)

"મામાનું ઘર કેટલે - દીવો બળે એટલે." એમ શ્રી નરનારાયણ દેવ મહાપ્રભુના ૨૦૦ માં વર્ષના પ્રાગટ્ય મહોત્સવનું પર્વ હવે ૨૦૦ દિવસ જેટલું જ ઢુંકડું છે !

ચાર સનકાદિકોએ સહિત સુંદર અને ઉંચાઈમાં પણ સપ્રમાણ એવી સરસ શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિઓ તો દેદિપ્યમાન છે જ પરંતુ એ મૂર્તિઓનો ઈતિહાસ પણ એટલો જ અદ્‌ભુત અને અચંબો પમાડે એવો છે. મૂર્તિઓનો ઈતિહાસ જાણીએ પછી ચોક્કસ પણે એમ થાય જ કે શું આવા અદ્‌ભુત આપણા ભગવાન છે ! અને આપણને મળ્યા છે !

વિ.સં. ૧૮૭૮ ના ફાગણ સુદી ત્રીજ ને સોમવારના ધન્ય દિવસે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન હતું. મહા વદી અમાસ (વિ.સં. ૧૮૭૮)ની સવાર સુધી મૂર્તિઓ આવી નહોતી. શુધ્ધાનંદ સ્વામી, નૃસિંહાનંદ સ્વામી તથા સુખાનંદ સ્વામી એ ત્રણ સ્વામીઓને મૂર્તિઓ લેવા સારું શ્રીહરિએ ડુંગરપુર મોકલેલા પણ હજુ સુધી મૂર્તિઓ લઈને આવ્યા નહોતા.

હવે સ.ગુ. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક આગેવાન સંતોને ચિંતા થઈ અને એકાંતમાં શ્રીહરિને મળીને "મૂર્તિઓ આવી નથી." એમ પૂછવા લાગ્યા. અમાસની એ કાજળકેરી રાત્રિ હતી. "મૂર્તિઓને વિધિવત યજ્ઞમંડપમાં વેદિકા ઉપર પધરાવવાનો સમય થઈ ગયો છે. હવે શું કરીશું ? એમ ચિંતા વ્યક્ત કરતા હતા ત્યાં જ મંદિરના દરવાજે કોઈકે લાકડી ખખડાવીને સાદ કર્યો કે દરવાજો ઉઘાડજો. શ્રી નરનારાયણ પ્રભુની મૂર્તિઓ આવી ગઈ છે !

દરવાને દરવાજો ઉઘાડ્યો. એક ઉંટવાળો અંદર મૂર્તિઓ લઈને આવ્યો અને બોલ્યો કે આ તમારી મૂર્તિઓ ઉતારો અને પછી એક કાગળ સંતોને આપ્યો. કાગળમાં લખ્યું હતું કે જે "અમાસના દિવસ આથમ્યે રબારીનાં ઉંટ ઉપર મૂર્તિઓ ચઢાવીને ઉંટ રવાના કર્યો છે તે બીજે દિવસ સવારમાં ત્યાં પહોંચશે તે સંભાળી લેજો."

ક્યાં ડુંગરપુર ને ક્યાં અમદાવાદ ! અમાસની સંધ્યાએ રવાના કરેલી મૂર્તિઓ રાત્રિએ તો અમદાવાદ મંદિરના આંગણમાં આવીને ઉભી રહી ! શ્રીહરિ મરક મરક હસે છે ! સંતોને આશ્ચર્ય થાય છે. ઊંટવાળો તો મૂર્તિઓ ઉતારીને આરામ કરવા પણ ના રોકાયો અને તરત જ ચાલી નીકળ્યો ! સંતોએ બરાબર ધ્યાન રાખ્યું કે એ ક્યાં જાય છે - એ તો દરવાજાની બહાર થોડે દૂર જઈને ઊંટ સહિત અદ્રશ્ય થઈ ગયો !

શ્રીહરિએ પછી તે જ વખતે મૂર્તિઓ ઉપર ચારે તરફ બરાબર હાથ ફેરવી ફેરવીને જોઈ અને બોલ્યા કે "ચાર સનકાદિકોએ સહિત મૂર્તિઓ સુંદર તથા ઉંચાઈમાં પણ બરાબર શોભે - જેવી જોઈતી હતી તેવી સરસ -આવી ગઈ છે. આમ મૂર્તિઓના ખૂબ વખાણ કર્યા. સંતો તથા સત્સંગીઓ પણ ખૂબ રાજી થયા.

બીજે દિવસે મૂર્તિ લેવા ગયેલા એ ત્રણ સંતો આવ્યા અને કહ્યું કે હે પ્રભો ! આ મૂર્તિઓ તો આપની પ્રેરણા અને મરજીથી જ સ્વેચ્છાએ અહીં આવી છે. કારણ કે અમો મૂર્તિ જલ્દી બનાવી આપવા કારીગરને કહી કહીને થાક્યા પણ એની પાસે ઉતાવળનું બીજું ઘણું જ કામ હોવાથી મૂર્તિઓ સમયસર બનાવી શકે તેમ નહોતો. હવે આમાંથી રસ્તો કાઢવા અમોએ આપનું પ્રાર્થના પૂર્વક ખૂબ ભાવથી સ્મરણ કર્યું અને આપની જે ઈચ્છા અને પ્રેરણાથી એકાદશીની રાત્રિએ આ મૂર્તિઓ એ દિવ્ય સ્વરૂપે દર્શન આપીને કહ્યું કે પથ્થરની અમૂક ખાણની જમણી તરફના ખેતરમાં અમૂક જગ્યાએ થોડુંક ખોદજો એટલે ત્યાંથી ચાર સનકાદિકોએ સહિત અમારી (શ્રી નરનારાયણ ભગવાન)ની બે સુંદર મૂર્તિઓ પ્રાપ્ત થશે."

"વળી અમારી આ મૂર્તિઓ ભગવાન શ્રીકૃષ્ણ એક વખત બદરિકાશ્રમમાં ગયા હતા ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને વિચાર કર્યો કે,

"શ્રી નરનારાયણદેવ ભરતખંડના મુખ્ય દેવ (અધિપતિ) અને રાજા છે અને ભરતખંડની પ્રજાના સુખને વાસ્તે અખંડ તપશ્ચર્યા કરે છે પરંતુ ભરતખંડમાં

ક્યાંય પણ શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિઓ પધરાવેલ નથી તેથી ભરતખંડની પ્રજાને તેમનાં દર્શન થતાં નથી એટલું જ નહિ પણ માણસો તેમને જાણતા પણ નથી. માટે ભરતખંડની પ્રજાના સુખને માટે ભરતખંડમાં શ્રી નરનારાયણદેવ પ્રભુની મૂર્તિઓ સ્થાપન કરવી જોઈએ - આમ કરીશું તો ભરતખંડના કારીગરો પણ એમને ઓળખશે એટલે શ્રી નરનારાયણની મૂર્તિઓ બનાવી શકશે. આ માટે શ્રી નરનારાયણની મૂર્તિઓ અહીં બદરિકાશ્રમમાંથી જ લઈ જઈએ તો સારું.''

આવો શુભ સંકલ્પ શ્રીકૃષ્ણ ભગવાને સ્વયં કર્યો અને જે મૂર્તિઓ હાલમાં વિશ્વના સર્વપ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં બિરાજે છે તે જ મૂર્તિઓને શ્રીકૃષ્ણ ભગવાન પોતાની સાથે ભરતખંડમાં લઈ આવ્યા. આ મૂર્તિઓને કારીગરોના મુખ્ય મથક એવા ડુંગરપુર ગામમાં એક સારા કારીગરને આપી અને મૂર્તિઓની સાર સંભાળ રાખવામાં આવી. મૂર્તિઓને મૂકીને પછી તો શ્રીકૃષ્ણ ભગવાન દ્વારિકા પધાર્યા.

દરમ્યાન દ્વાપર અન કળિના સંધીકાળે શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાની અવતારલીલા સંકેલી લીધી પરંતુ જે કારીગરને મૂર્તિઓ સાચવવા આપેલી તેને શ્રીકૃષ્ણ ભગવાને દર્શન આપી આ પ્રમાણે કહ્યું.

''તમે અત્યારે આ મૂર્તિઓ બીજા કોઈને આપશો નહીં પણ કોઈ સારા ઠેકાણે જમીનમાં દાટી દેજો. કળિયુગમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થશે. અને શ્રીનગર (અમદાવાદ)માં મોટું મંદિર બંધાવશે ત્યારે આ મૂર્તિઓ એમની પ્રેરણાથી મંદિરમાં લાવવામાં આવશે.''

મૂર્તિઓ લેવા માટે ગયેલા એ ત્રણ સંતો જ્યાં વર્ષોથી મૂર્તિની સાર સંભાળ લેતાં હતાં તે કારીગર અને જે ખેતરમાં આ ભવ્ય મૂર્તિઓ છૂપાવેલી એ ખેડૂત - આ બધાને એક જ સમયે સ્વયં શ્રી નરનારાયણ ભગવાનની મૂર્તિઓએ દર્શન આપી ઉપરોક્ત સર્વે વાતો જણાવી હતી.

કેટલો આશ્ચર્યકારી અને અદ્‌ભુત ઈતિહાસ છે શ્રી નરનારાયણ ભગવાનની આ દિવ્ય મૂર્તિઓનો !

સર્વ અવતારો કરતાં શ્રેષ્ઠ સામર્થીએ યુક્ત એવા શ્રી કૃષ્ણ ભગવાને સ્વયં પોતે જેમને તરાશ્યા, નીરખ્યાં અને પ્રમાણિત કર્યા અને ભરતખંડને વિષે પધરાવવાનો સંકલ્પ કર્યો - સ્વયં આ મૂર્તિઓને ભરતખંડમાં લાવ્યા. અને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આલિંગન આપીને સમગ્ર ઐશ્વર્ય આ મૂર્તિઓમાં પ્રસ્થાપિત કર્યું છે.

શ્રી નરનારાયણ પ્રભુની આ યુગ્મ મૂર્તિ અદ્‌ભુત તો છે જ પરંતુ શ્રીકૃષ્ણ ભગવાને જેવી શોધિત કરી હતી તેવી ને તેવી જ આજ પર્યંત નીરખી શકાય છે. એમાં તસુ માત્ર ફેર પડ્યો નથી. કારણ ?

શ્રીહરિએ સ્વયં પોતાનું ઐશ્વર્ય એમાં પ્રસ્થાપિત કર્યું છે.

આવો.....આ ભવ્ય મૂર્તિઓનો ૨૦૦ મો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કહેતાં પર્વને એવું જ ભવ્ય બનાવીએ.

(અનુ. પેજ ૭ નું)

પધરામણી કરવા બોલાવ્યા. શ્રીહરિ સંતો-પાર્ષદો સાથે શેઠના ઘરે પધારી તેમના ઘરને પાવન કર્યુ. શેઠે પૂજન કરી, હાર પહેરાવી, કિંમતી વસ્ત્રો, ભેટો ધરી આરતી કરી. પછી શ્રીહરિ કહે હવે અમે જઈશું. આરતી અને ધૂનનો સમય થઈ ગયો છે. ત્યારે શેઠ બોલ્યા હે પ્રભો ! મારા મંગળ માટે આજે આરતી અને નારાયણ ધૂન અહીં મંડપમાં જ કરો તેવી મારી આપને પ્રાર્થના છે. શ્રીહરિએ સંતો તથા હરિભક્તો સાથે મંડપમાં જ આરતી તથા નારાયણ ધૂન કરી કીર્તનો ગવરાવ્યા.

શ્રીહરિના મતે ગમે તેવા વ્યવહારમાં અવરાઈ ગયા હોઈએ પરંતુ જ્યારે આરતી અને નારાયણ ધૂનનો સમય થાય ત્યારે બધા જ કામ પડતા મુકી પહોંચી જવું. એમાં આળસ ક્યારેય ન રાખવી. કદાચ સંજોગો-સમયવશાત્ આરતીના દર્શન ન થાય તો પણ બે મિનિટ જો રામકૃષ્ણ ગોવિંદ ધૂન જે ગાય તેના ઉપર સંધ્યા સમયે થતી બુરી શક્તિઓનો પ્રકોપ થતો નથી.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# બાલવા





અમદાવાદથી એસ.ટી. દ્વારા ગાંધીનગર જવાય છે.
અને ગાંધીનગરથી એસ.ટી. દ્વારા બાલવા (ઉનાવા) જવાય છે.
અમદાવાદ થી મોટર દ્વારા ૧ કલાકને ૫ મિનિટ
એરપોર્ટથી ૪૭ મિનિટ

આ ગામ તા.જી. ગાંધીનગરમાં આવેલું છે.

આર્થિક અને સામાજીક રીતે આ ગામ ખૂબ આગળ પડતું છે.અહીં ઉત્તરાદાબારનું હરિમંદિર છે. મંદિરમાં શ્રી સહજાનંદ સ્વામીની પટ મૂર્તિ પધરાવેલી છે. અહીં શ્રીહરિ ઉનાવાથી માણસા જતાં પધારેલા છે. ગામમાં કૂવો પ્રસાદીનો છે. જ્યાં શ્રીહરિએ સંતો-પાર્ષદો સહિત જળપાન કરી ગામજનોને વરદાન આપ્યું હતું કે કોઇપણ મનુષ્ય બિમાર પડે તો તેને આ કૂવાનું જળ પાવાથી તેના સર્વ દુઃખોનો નાશ થશે. અહીંનું મંદિર ત્રણ ઘુમટી વાળું સુંદર દેખાવનું છે.

બાલવામાં શ્રીહરિ :- ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના પાંચસો પરમહંસ તેમજ પાર્ષદો તેમજ કાઠી અસવારો સહિત દંઢાવ્ય દેશના ગામો ગામ વિચરણ કરી અધર્મનો નાશ કરી સદ્ધર્મની પુષ્ટિ કરતા કરતા એક સમયે ઉનાવા નામના ગામથી બાલવા (બાલાગઢ) ગામે પધાર્યા. તે ગામમાં રહેતા શ્રીહરિના પ્રેમી ભક્તો જેવા કે માલજી ચૌધરી, અમીચંદ સુતાર વિગેરે ભક્તજનોએ વાજતે ગાજતે શ્રીહરિનું સામૈયું કરી શ્રીહરિને પ્રીતિપૂર્વક ગામમાં પધરાવ્યા. ત્યારબાદ તે ગામજનોએ પ્રીતિપૂર્વક અને ઉત્સાહ પૂર્વક અક્ષત, ચંદન, કુમકુમ તથા પુષ્પહારો વડે શ્રીહરિનું પૂજન કરી આરતી ઉતારી દંડવત્ પ્રણામ કરી શ્રીહરિને ખૂબ ખૂબ રાજી કર્યા. ત્યારબાદ શ્રીહરિ તે ગામથી પશ્ચિમ દિશામાં આવેલ એક ખેતરમાં આંબલીના વૃક્ષ નીચે સભા કરી ઉંચા આસને વિરાજમાન થયા. ત્યાં શ્રીહરિ થોડો સમય ઉપદેશ સંબંધી વાર્તા કરી ત્યાંથી મુનિ મંડળ સહિત ગામમાં પધાર્યા. તે ગામમાં પધારેલા ભક્ત વત્સલ પ્રભુ રતનભાઇ અને જીવરામભાઇ નામના દવે ભક્તોને દર્શન આપી ગામના સુંદર કૂવા ઉપર પધારીને ત્યાં જળપાન કર્યું. જળપાન કર્યા બાદ સર્વેશ્વર શ્રીહરિ તે ગામજનોને વરદાન આપતા હતા કે આ કૂવાનું જળ જે કોઇ મનુષ્ય પીશે તેના સર્વ દુઃખોનો નાશ થશે. આ પ્રમાણે વરદાન આપી બાલવા ગામના ભક્તજનોએ સત્કારેલા તેમજ પૂજન કરેલા પ્રભુ ત્યાંથી માણસા પધાર્યા.

શ્રીહરિ ઉનાવા ગામથી બાલવા (બાલાગઢ) ગામે પધાર્યા છે તે પ્રસંગ ''હરિલીલામૃત'' ગ્રંથના ૯, તરંગ ૭૫માં નીચે પ્રમાણે વર્ણવેલ છે.

હવે ત્યાં થકી સધાવ્યા શ્યામ,

**આવ્યા બાલાગઢ જેહ ધામ ॥૪૯॥**
**ગામથી પશ્ચિમ દિશામાંય, ક્ષેત્રમાં ઓટો કર્યો છે ત્યાંય ॥**
**આંબલી તણું વૃક્ષ છે એક, તેને હેઠે વિરાજ્યા વિશેક ॥૫૦॥**
**માલજી ચૌધરી રૂડું નામ, અમીચંદ સુતાર તે ગામ ॥**
**દવે રતન ને જીવરામ, એ આદિ આવ્યા ત્યાં અભિરામ ॥૫૧॥**
**તેમને દીધાં દરશન દાન, કુવા ઉપર કર્યાં જળપાન ॥**

આ પ્રમાણે શ્રીહરિ ઉનાવાથી બાલવા પધારી ત્યાંના ભક્તજનોના મનોરથો પૂર્ણ કરી ત્યાંથી માણસા પધાર્યા તે પ્રસંગ ''હરિલીલામૃત'' ગ્રંથમાં ઉપર પ્રમાણે ગૂંથેલ છે.

આ ગામે સંપ્રદાયને સંતોની પણ ભેટ આપેલ છે.



# ગુરુપૂર્ણિમા પ્રસંગે શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી

# અમૃતવચનો



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**ગુરુબ્રહ્મા ગુરુવિષ્ણુ ગુરુ દેવ મહેશ્વર ।**
**ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ॥**

**પ.પૂ. મોટા મહારાજશ્રી (અમદાવાદ મંદિર તા. ૨૪-૭-૨૦૨૧) :** આદરણીય સંતો અને વહાલા સત્સંગી બંધુઓ, ઘણા વર્ષો પહેલાની એક વાત છે. અમેરિકાના એક શહેરમાં એક સત્સંગીને ત્યાં અમારો ઉતારો હતો. એ સત્સંગીને એવી ટેવ કે જેને તેને બધાને ગુરુ કહે ! કેમ છો ? ગુરુ ! કહી બધાને સંબોધન કરે, મને નવાઈ લાગી એટલે પૂછ્યું કેમ બધાને ગુરુ કહો છો ? તેમણે જવાબ આપ્યો, ગુરુ કહેવાથી કામ સહેલાઈથી પતી જાય છે ! અમે એને સમજણ પાડતા કહ્યું કે અમારે ઉત્તર પ્રદેશમાં ઠગમાં ઠગ હોય તેને ગુરુ કહે છે. તે કહે હું એ જ ગુરુ કહું છું બધાને !

મારી દ્રષ્ટિએ ત્રણ પ્રકારના ગુરુ હોય છે. **એક ગુરુ એવા હોય કે જે ભગવાનમાં જોડે, પોતાની જાતને પાછળ રાખે, પોતાનું કોઈ અસ્તિત્વ જ ન હોય એવી રીતે વર્તે.** રામાનંદ સ્વામી એવા શ્રેષ્ઠ આદર્શ ગુરુ હતા. તેઓએ પોતાનું સામર્થ્ય છુપાવીને મહારાજનું સામર્થ્ય-મહત્તા વધારી છે. મુક્તાનંદ સ્વામી પણ એવા હતા. પોતે શ્રીજી મહારાજથી સિનીયર હતા છતાં હરહંમેશ મહારાજના ગુણ ગાયા છે. બીજા મધ્યમ પ્રકારના ગુરુ એવા હોય કે ભગવાનને આગળ રાખે, મહિમા કહે પરંતુ સાથે સાથે પોતાનું પણ કામ કરી રાખે ! ત્રીજા કનિષ્ઠ પ્રકારના ગુરુ એવા હોય કે મહારાજને ભગવાનને એક બાજુ રાખી દે અને પોતાની જાતને આગળ કરી દે ! હવે નક્કી આપણે કરવાનુંછે કે આપણે ક્યાં પ્રકારના ગુરુ પસંદ કરવા ? મેં અયોધ્યાપ્રસાદજી દાદા નિમિત્તની 'ધર્મકુળ વંદના મહોત્સવ'ની સભામાં કહ્યું હતું કે, બન્ને દેશનો ઈતિહાસ જુઓ, **બન્ને દેશના કોઈ પણ આચાર્યએ પોતાની જાતને આગળ નથી કરી. મહારાજને આગળ કર્યા છે.** સ્વામીએ કહ્યું હતું તેમ મત્સ્યવેધના પ્રસંગે અર્જુનને જેમ માછલીની આંખ સિવાય બીજું કશું જ દેખાતું નહોતું. તેમ આપણને પણ હવે પછી **પર્વ**નો ઉત્સવ જ દેખાવો જોઈએ, એ વિના બીજું કંઈ જ દેખાવું ન જોઈએ. **શ્રી નરનારાયણદેવ બહુ બળિયા છે.** આ દેવના પ્રાંગણમાં-સાનિધ્યમાં ઉજવાયેલા મહોત્સવોની પરંપરા જુઓ એક એકથી ચઢિયાતા ઉત્સવો પણ થયા છે. એટલે આ ઉત્સવ પણ બહુ દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાશે. એમાં કોઈ શંકા નથી. સંતો-ભક્તોએ આ ઉત્સવ માટે કેડ બાંધી છે એ ખરેખર ધન્યવાદને પાત્ર છે. મહારાજે પ્રેમથી બાથમાં લઈને પધરાવેલા આ દેવનો મહિમા વચનામૃતમાં પાને પાને લખ્યો છે જે દિગંત વ્યાપી બની જગતમાં ખૂબ પ્રસિધ્ધ થાય અને આ ઉત્સવ સર્વોપરી થાય એવી પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી :** ગુરુપૂર્ણિમાના આજના પાવન પ્રસંગે ગામોગામથી પધારેલા, પાછળની લાઈન સુધી બેઠેલા બધાનો ભાવથી જયશ્રી સ્વામિનારાયણ. અગાઉના ઉત્સવોમાં દર વર્ષે આપ સૌને નજીકથી મળી શકાતું હતું પરંતુ પ્રવર્તમાન સમય સંજોગો અનુસાર હાલમાં એ શક્ય નથી **તો પણ દેવના દર્શન થયા તેમાં બધા દર્શન આવી ગયા એવું માનીએ.** છેલ્લા દોઢ વર્ષથી એવો રોગચાળો (કોવિડ-૧૯) રહ્યો કે ઘણા બધા પરિવારો અને હરિભક્તોના પરિવારોએ પણ પોતાના સ્વજન ગુમાવ્યા છે. તેમજ બીજી ઘણી બધી રીતે દુઃખ આવ્યું છે **તો પણ જેઓની દેવ પ્રત્યેની દ્દઢ નિષ્ઠા રહી છે તેઓને દેવે આંચ આવવા દીધી નથી.** હાલમાં જે પર્વની તારીખ નક્કી થયેલી છે તે આગામી પરિસ્થિતિ પ્રમાણે બદલાઈ શકે છે તો તેમાં ફેરફારની તૈયારી સૌએ

રાખવાની છે. દેવનો ઉત્સવ છે અને એ ઉત્સવ દેવની મરજી પ્રમાણે થશે. આપ સૌને ભાવ અને નિષ્ઠા છે એટલે આટલી મોટી સંખ્યામાં એકત્રિત થયા છીએ. દરેક રીતે ધ્યાન અને સાવધાની રાખીશું તો પર્વનો આનંદ મનાવી શકીશું. પર્વ માટે નાની મોટી સેવા કરનાર સૌને ધન્યવાદ. આપ સૌનું સ્વાસ્થ્ય સારું રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. મહારાજશ્રી :** ઘણા વખત પછી મળવાનું થયું છે જેથી એટલો આનંદ થયો છે કે શેરમાં લોહી નથી વધ્યું, કિલોમાં વધ્યું છે. અમૂકને માસ્ક વગરના જોઉં છું પણ જો, લાલજી મહારાજે વાત કરીને કે આપણે આપણું હિત, પરિવાર તથા દરેકનું હિત જોવું એ માનવતાનો ધર્મ છે કે નથી ? મારી સૌને વિનંતી છે. સાચવો, એવું નથી કે હરિભક્તો નથી મળ્યા, ખાસ કરીને સંતો પણ ઘણા વખત પછી મળ્યા છે. સૌને ખૂબ ધન્યવાદ. કારણ કે આપ સૌ દેવના પ્રાંગણમાં બેઠા છો. પાછળ ઉભેલા ભક્તો તપ કરે છે તેઓ હજારો યોગી પૈકીના યોગી જ કહેવાય તેથી દેશ વિદેશના દરેક ભક્તો માટે દેવના ચરણોમાં અમારી હૃદયની પ્રાર્થના છે. કારણ કે **તમે દેવના છો એટલે અમારા છો.**

હવે બે મહત્વની વાત કરું છું. એક તો દેવના ગર્ભગૃહને અડીને પ્રથમ વિભાગ કે જે સંતોને દર્શન કરવા માટેનો હોય છે ત્યાં દરવાજે બોર્ડ મારેલું જ છે કે સંતો સિવાય અને ધોતી પહેર્યા સિવાય હરિભક્તોએ અંદર પ્રવેશ કરીને દર્શનનો આગ્રહ રાખવો નહીં. આ મર્યાદા એટલા માટે છે કે ત્યાં હિંડોળા થતા હોય છે, હિંડોળામાં મહારાજનું સ્વરૂપ હોય છે, ગણેશ સ્થાપન થતું હોય છે, પૂજન થતું હોય છે તો મર્યાદાનું પાલન થવું જોઈએ. મર્યાદાનો ભંગ થવો જોઈએ નહી. હું પણ બહારથી દર્શન કરું. માટે વાત એ છે કે **દેવની મર્યાદાનો ભંગ થવો જોઈએ નહીં.**

બીજી વાત એ છે કે **હારતોરા હવે થશે નહી. કેમ કે હારતોરામાં ટાઈમ જતો રહે છે.** તમે જ ફરિયાદ કરો છો, વિતી છે ને ? ગામના રહી ગયા અને બીજા હાર પહેરી ગયા ! અમે પણ તમારા દર્શન કરવા, તમને મળવા આવતા હોઈએ છીએ પરંતુ હારતોરામાંથી ટાઈમ મળે તો મોઢા જોઈએ ને ! શોભાયાત્રા થાય છે હવે ? નથી થતી જુઓ, હું કોઈ પ્રણાલિકા બદલવા માંગતો નથી પરંતુ સમયસૂચકતા, સમયનો સદુપયોગ કરવા અને દેવ માટે આ ફેરફાર જરૂરી છે. સમય મળશે તો આપ સૌને જોઈને આનંદ થશે. માટે સાથ સહકાર, સહયોગ આપશો એવી અપેક્ષા રાખું છું. આ વાત આપને ગમી હશે અને ન ગમ્યું હોય તો પણ કંઈ વાંધો નહી. કારણ કે આ પરિવર્તન છેવટે તમારી સુવિધા માટે જ છે.

દત્તાત્રેય ભગવાને ૨૪ ગુરુ કર્યા, મારે તો ૨૪૦૦ ગુરુ છે. નાના બાળકમાંથી પણ ઘણું શીખવા મળે છે. **આંખ ઉઘાડી નથી રાખવાની, દ્રષ્ટિ ખુલ્લી રાખવાની છે.** આંખો તો મહારાજે બધાને આપી છે પરંતુ **દ્રષ્ટિ હશે તો ગુણ આવશે. ગુણગ્રાહી વૃત્તિની મહારાજે વાત કરી છે. બીજે ક્યાંય આ વાત નથી. ગુણ લઈએ અને સર્વનું હિત થાય એવા કાર્યો કરીએ. બીજું સાથે લઈ શું જવાનું છે ? કંઈ લઈ જવાનું હોય તો કહેજો.**

મહારાજ સૌનું હિત કરે, મંગળ કરે પરંતુ ધ્યાન રાખજો. કારણ કે હજુ ઓકટોબર અને જાન્યુઆરી વચ્ચે ખરાબ પરિસ્થિતિ આવવાની છે. લોકડાઉન આવે, થોડું આઘું પાછું થાય, ઉત્સવની તારીખમાં ફેરફાર થઈ શકે. પરંતુ આપણને શું ફેર પડે છે ! **બ્રહ્માનંદનો વહાલો મારે દહાડે દહાડે દિવાળી ! ભગવાન મળ્યા છે અને આ ભગવાન મળ્યા ત્યારે જ આપણો સાચો જન્મ ગણાય ! સત્સંગીની વ્યાખ્યા શું ?** કંઠી તો ઘણા પહેરે છે ! ચાંદલો તો ચોર લૂંટારા પણ કરે છે ! **સામે સિંહાસનમાં બેઠા એ દેવની ઓળખાણ થઈ ત્યારે આપણે સાચા સત્સંગી થયા !** ઓળખાણ થવી એ પણ અઘરું કાર્ય છે. આપણે તેની પ્રોસેસમાં છીએ એમ માનવાનું. એ માટે પ્રયત્નશીલ તો રહેવું જ. પુરુષ પ્રયત્ન મૂકવો નહી. ૯૯% પુરુષપ્રયત્ન કરીએ ત્યારે ૧% આશીર્વાદ ભળે એટલે ૧૦૦૦% પુરુષ પ્રયત્નનું કામ થશે.

દેવની જે ઈચ્છા હશે તે થશે. દેવને બ્રેક જોઈતી હશે તો એવું થશે. તારીખમાં ફેરફાર કરવો પડે તો જણાવીશું અને એ પણ સત્સંગ-સંપ્રદાયના હિતમાં થશે. **સિધ્ધાંત એ છે કે દેવ છે તો આ સંસ્થા છે. અને સંસ્થા છે તો આ બધું, આપણે બધા છીએ. દેવને વળગીને રહેવું એ જ ગુરુ પૂર્ણિમા છે. શીદને ભટકો છો મતપંથમાં રે..... નંદસંતોના મુખેથી આ નીકળી ગયું છે. લખ્યું નથી !**

(અનુ. પેજ નં.૧૫ પર)

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

આપણા મ્યુઝિયમમાં મોસમ ખૂબ ખીલી છે. દર્શનાર્થીઓ પણ આવવા લાગ્યા છે. યજ્ઞ તથા શ્રી નરનારાયણદેવના અભિષેકનાં યજમાનો પણ પૂર્વવત થઈ ગયા છે.હરિભક્તો મ્યુઝિમમાં ભેટ પણ મનમૂકીને આપી રહ્યાં છે. આલીસ્ટ તુની સાક્ષી પૂરે  છે.

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી - જુલાઈ-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૧૧-૦૭-૨૦૨૧ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે મહિલા મંડળ શ્રી સ્વા. મંદિર કાલુપુર - પ્રે. વનરાજ ભગત |
| તા. ૧૮-૦૭-૨૦૨૧ | શ્રી સુરેશભાઈ ઘેલાભાઈ પટેલ વિહારવાળા - હા. હિંમતનગર. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી - જુલાઈ-૨૦૨૧

| | |
|---|---|
| તા. ૯-૦૭-૨૦૨૧ | ડૉ. હરિકૃષ્ણ ગોકળભાઈ પટેલ - સાપાવાડા, તા. ઈડર |
| તા. ૧૧-૦૭-૨૦૨૧ | (સવારે) શ્રી મગનભાઈ પી. લહેરી - બાપુનગર |
| | (૧૧ કલાકે) શ્રી રોજાસરા કિશોરભાઈ કેશવલાલ સોની પરિવાર (કારોલવાળા-અમદાવાદ) |
| તા. ૧૬-૦૭-૨૦૨૧ | અ.નિ. કુવરજીભાઈ લાધાભાઈ વરૂ પરિવાર - અમદાવાદ |
| તા. ૨૫-૦૭-૨૦૨૧ | (સવારે) વંદનીય ગુરુજી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી ગાંધીનગર સે-૨૩ ની પ્રેરણાથી પ.ભ. લક્ષ્મીચંદભાઈ મગનલાલ ઠક્કર પરિવાર - હ. ભગવતીબેન લક્ષ્મીચંદ ઠક્કર |
| | (૧૧ કલાકે) પ.ભ. કમળાબેન દિનેશભાઈ - થલતેજ |
| | (બપોરે) શ્રી જયકિશન પ્રશાંતભાઈ પરમાર - કાલુપુર |
| તા. ૩૦-૦૭-૨૦૨૧ | પ.ભ. ઈશ્વરભાઈ મોહનભાઈ પટેલ - સાપાવાડા, તા. ઈડર. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - જુલાઈ-૨૦૨૧

| | |
|---|---|
| રૂા. ૧,૫૧,૦૦૦/- | પ.ભ. ભીખાભાઈ રામભાઈ સરધારા - બાપુનગર - હ. રમણીકભાઈ સરધારા તથા અશ્વિનભાઈ સરધારા |
| રૂા. ૧,૧૧,૧૧૧/- | પ.ભ. ડાહ્યાભાઈ નારાણભાઈ પટેલ સહ પરિવાર - માણસા. |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | પ.ભ. પટેલ રજનીબેન હરેશકુમાર - વડોદરા. |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ - સંત દીક્ષા નિમિત્તે |
| રૂા. ૫૦,૦૦૦/- | પ.ભ. કનુભાઈ શીવાભાઈ પટેલ એન્જીનિયર - પાલડી. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "દૈવીને આસુરી પ્રકૃતિનું મુખ્ય કારણ છે સત્પુરુષનો 'કોપ' ને 'અનુગ્રહ'"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

એકવાર વડતાલના ૧૫ માં વચનામૃતમાં શોભારામ શાસ્ત્રીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો જે, **"હે મહારાજ ! દૈવી અને આસુરી એ બે પ્રકારના જીવ છે તે અનાદિકાળના છે કે કોઈક યોગે કરીને થાય છે ?" અર્થાત્ સ્વભાવથી છે કે નિમિત્તથી ઉત્પન્ન થઈ જાય છે.** તો તેના માટે ત્રણ વસ્તુ છે. એક તો એ છે કે જ્યારે પ્રલય થાય છે ત્યારે દૈવી અને આસુરી એ બે પ્રકારના જીવ છે તે માયાને વિષે લીન થયા હતા. પછી જ્યારે સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે ત્યારે જેવા કર્મો કરતા થકા માયામાં લીન થયા હતા, તેવા કર્મો સાથે જન્મે છે. અને બીજું એ છે કે કેટલાક સાધારણ જીવ છે તે તો દૈવીને આસુરીને સંગે કરીને દૈવી ને આસુરી થાય છે. અર્થાત્ ધારો કે દૈવી ગુણોવાળા હોય, દૈવી ગુણો લઈને ઉત્પન્ન થયા હોય અને કુસંગી કે આસુરીનો સંગ લાગી ગયો તો સંગમાં આવવાથી દૈવી ગુણો આસુરી ગુણોમાં પરિવર્તિત થઈ જાય છે. એવી જ રીતે આસુરી ગુણોવાળા હોય તે સત્પુરુષના સંગમાં આવવાથી દૈવી થઈ જાય છે. અને ત્રીજું એ છે કે કેટલાક દૈવી અને આસુરી જીવ છે તે તો જેવા જેવા કર્મો કરતા જાય છે તેવા તેવા ભાવને પામતા જાય છે. અર્થાત્ જેવા કર્મો કરે છે તેવું પરિણામ પામે છે. **તેમાં આસુરભાવને પામે ને દૈવીભાવને પામે તેનો મુખ્ય હેતુ તો સત્પુરુષનો 'કોપ' અને 'અનુગ્રહ' છે.** દા.ત. જય-વિજય ભગવાનના પાર્ષદ હતા, તેમણે સત્પુરુષ એવા સનકાદિકનો દ્રોહ કર્યો તો તેના કોપના કારણે આસુરીભાવે ઉત્પન્ન થવું પડ્યું. તેવી રીતે પ્રહલાદજી હતા જે અસુરકુળમાં ઉત્પન્ન થયા હતા પરંતુ નારદજીનો યોગ થયો તો તેમનામાં દૈવી ગુણ ઉત્પન્ન થયા. માટે **મોટા પુરુષનો જે ઉપર 'કોપ' થાય તે જીવ આસુરી થઈ જાય છે અને જે ઉપર મોટા પુરુષ રાજી થાય તે જીવ દૈવી થઈ જાય છે. પણ બીજુ દૈવી આસુરી થયાનું કારણ નથી. માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને 'ભગવાન'ને ભગવાનના 'ભક્ત' તેનો કોઈ રીતે દ્રોહ કરવો નહિ અને જે રીતે ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ કરવું.**

તેવી જ રીતે એકવાર શુકાનંદ સ્વામીએ ગઢડા અંત્ય પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં મહારાજને પૂછેલું છે કે **"દૈવી ને આસુરી જીવ હોય તે કેમ જાણ્યામાં આવે ?"** કેમ કે ? આસુરી કોણ છે અને દૈવી કોણ છે તે બહારથી ખબર ના પડે. આસુરી ગુણવાળા પણ બહારથી સામાન્ય માણસ જેવા જ દેખાય ? તો મહારાજે કીધું કે : દૈવી જીવ હોય તેનામાં કામ ક્રોધ લોભાદિક હોય તે ખરાબ દેશકાળાદિને યોગે કરીને હોય, પછી સારા દેશકાળાદિનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય અર્થાત્ આવા માણસો સાચા સત્સંગમાં આવે છે ત્યારે તેનામાંથી ખરાબ દોષો જતા રહે છે. ત્યારે સમજી લેવાનું કે માણસમાં પરિસ્થિતિવશ થોડી વાર માટે ઉત્પન્ન થયા હતા. કારણ કે દૈવીગુણવાળા વ્યક્તિ છે તેનામાં અવગુણ ટકીને રહેતા નથી. અને આસુરી જીવને જે કામ ક્રોધ લોભાદિક દોષ હોય તે કોઈ કાળે નાશ થાય નહિ. અને સત્સંગમાં તો સૌ કરતા સરસ હરિભક્ત જણાય પણ એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ઘણો દ્રોહ કરે અને ભક્તોનો પણ અભાવ આવી જાય તો સમજી જવાનું કે જન્મ્યા ત્યારે આસુરી ગુણો લઈને જન્મ્યા છે. **એકવાર લાલજી મહારાજે મહારાજશ્રીને પ્રશ્ન પૂછ્યો હતો કે ઘણીવાર બહુ સત્સંગ કરે. પછી જતા રહે છે આવું કેમ થાય છે ? તો તેનું કારણ પણ એ જ છે કે અંદરનો ગુણ જલ્દી બદલાતો નથી. આ જ પ્રશ્ન આ જ વચનામૃતમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે પણ મહારાજને પૂછેલો છે કે, "એકની તો બુદ્ધિ પણ ઘણી હોય ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પુગતી હોય અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય ને શાસ્ત્રમાં**

**પણ ઝાઝું જાણતો ન હોય અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે. તેનું શું કારણ છે ?''** પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આ સંસારને વિષે દૈવીને આસુરી બે પ્રકારના જીવ છે. તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ થાય અને દૈવી જીવ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ કોઈ કાળે સત્સંગમાંથી વિમુખ ન થાય. જેમ મરચાનું બીજ હોયને લીંબડાનું બીજ હોય ને શિંગડિયા વછનાગનું બીજ હોય તેને વાવીને નિત્ય સાકરનું પાણી સિંચ્યા કરીએ તો પણ મરચા તે તીખા જ થાય ને લીંબડો તે કડવો જ થાય ને શિંગડિયો વછનાગ તે ઝેર જ થાય. શા માટે જે એનું બીજ ભુંડું છે. અને શેરડીને વાવીને લીંબડાના પાનનું ખાતર નાખીને કડવું પાણી સિંચ્યા કરીએ તો પણ શેરડીનો રસ તે મીઠો જ થાય. **તેમ દૈવી જીવ છે તે ભગવાનને સન્મુખ જ રહે છે ને આસુરી જીવ હોય તે વિમુખ જ થાય છે.**

અહિંયા કહેવાનો અર્થ છે કે જે આસુરી જીવ હોય છે તે લોકો સત્સંગમાં આવે તો તરત બદલાઈ જતા નથી. જલ્દી દૈવી ગુણો આવતા નથી. અનેક વખત સાચા સંતોનો સંગ થાય તે પછી રહેતા રહેતા બદલાય છે. તે પણ મહારાજે વડતાલના ૭ માં વચનામૃતમાં બનાવ્યું છે કે : ''આસુરી જીવ તો દૈવી ન જ થાય. કેમ જે એ તો જન્મથી જ આસુરભાવે યુક્ત છે. અને જો કોઈક રીતે કરીને આસુરી જીવ સત્સંગમાં આવી પડ્યો તો પણ આસુરભાવ તો ટળે નહિ, પણ સત્સંગમાં રહ્યો થકો જ જ્યારે શરીરને મૂકે ત્યારે બ્રહ્મને વિષે લીન થાય ને પાછો નીકળે એમ અનંતવાર બ્રહ્મમાં લીન થાય ને પાછો નીસરે ત્યારે એનો આસુરભાવ છે તે નાશ પામે પણ તે વિના આસુરભાવ નાશ પામે નહિ.'' **માટે કોઈનોય દ્રોહ નહિ કરવાનો ક્યારેક કોઈ મોટી વ્યક્તિ આપણા ઉપર કુરાજી થાય છે ત્યારે એવું થઈ જાય છે કે મારી સાથે આવું કેમ થાય છે. પણ આપણી સાથે જે પણ ઘટના બને છે તે દરેક ઘટના પાછળ કોઈને કોઈ હેતું હોય છે. તો ત્યારે જેવું હેત પરિવારમાં છે તેવું હેત સત્સંગમાં હશે તો ક્યારેય કોઈ મોટા પુરુષનો મનમાં પણ અભાવ ઉત્પન્ન નહિ થાય. કોઈ ભગવાનના ભક્તનો દ્રોહ નહિ થાય. પોતાના દેહ અને દેહના સંબંધીમાં જેવું 'મમત્વ' છે જેવી ગાઢ પ્રીતિ છે. તેવી સંતો-હરિભક્તો સાથે પણ રાખવાની.** એના બદલે આપણે કેવું થાય છે. સંતો જ્યારે આપણા સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે આપણો સ્વભાવ મૂકાતો નથી, ને સંતનો અવગુણ આવી જાય છે. તો એ આપણાથી મોટા પુરુષનો દ્રોહ થયો કહેવાય. અને આપણી પ્રગતિ અટકી જાય છે. તો તેવું ન થાય તેના માટે સતત જાગૃતિ રાખવાની. તમને બધાને મહારાજ એવી ખૂબ શક્તિ આપે એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

(અનુ. પેજ ૧૨ નું)

ભગવાન મળ્યા છે તો માણો, મર્યાદાપૂર્વક જે સમયગાળો ગયો તે આપણે સૌએ જોયો છે. કેટલા પૈસા ? એક ઈન્જેકશન કે ગોળીઓ મળી જતી હોય તો કહો એટલા પૈસા આપવા લોકો તૈયાર હતા. પૈસા કામ લાગે છે ? રૂપિયાની જરૂર છે, હું રૂપિયાનો વિરોધી નથી પરંતુ **રૂપિયાથી સુવિધા મળે છે સુખ નથી મળતું !** મહારાજે આપ્યું છે તો ભોગવો, મજા કરો પરંતુ મર્યાદામાં રહીને !

મહંત સ્વામીએ મુખ્ય યજમાનોના પૈસાના મોટા આંકડા જાહેર કર્યા, એ સાંભળી ગભરાઈ ન જશો. નાનામાં નાની રકમ આપી હોય તો પણ એ મોટું યોગદાન છે ! ૩૯ વર્ષ પહેલાનો દસ પૈસાનો સિક્કો મેં મારા કબાટમાં ચોટાડીને રાખ્યો છે. કારણ કે **હરિભક્તની ભાવનાની કિંમત છે. મને તો યોગદાનમાં હરિભક્તનો પરસેવો નહી, પરંતુ લોહી દેખાય છે.** હરિભક્તોને પોતાપણું છે એટલે તો જૂના થઈ ગયેલા સોફા બદલશે નહી પરંતુ દેવ માટે બધું જ કરશે.

બાપજીનો ને અમારો સંબંધ જુદો છે ભાઈ ! **પિતા હોવા છતાં મિત્ર હોવું કે દીકરા હોવા છતા મિત્ર હોવું એવું અમારે છે. બાકી તો દિવાલ તણાઈ જતી હોય છે, એ દિવાલને તોડવાની છે ! એ દિવાલ તોડો ! એ ભગવાન ભગવાન નથી. જ્યાં જુદી દિવાલ થતી હોય. દિવાલ તૂટવી જોઈએ, ચૂલા એક થવા જોઈએ તો જ સુખ આવશે.**

આપ સૌનું મહારાજ ખૂબ રૂડું કરે, મંગળ કરે, સુખી કરે, આનંદમાં રહેજો. ધન્યવાદ !

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સંત દીક્ષા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પ્રેરણા આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી આવા મહામારી કોરોનાના વિષમ કાળમાં પણ આપણા અમદાવાદ, મૂળી અને કચ્છ-ભુજના સંતોના મંડળો દ્વારા ૧૯ જેટલા પાર્ષદ મુમુક્ષુઓને અષાઢ સુદ દેવશયની એકાદશીના શુભ દિને પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં હજારો સંત-હરિભક્તો (સરકારની ગાઈડ લાઈન મુજબ)ની ઉપસ્થિતિમાં સંત મહાદીક્ષા પરમપૂજ્ય ધર્મધુરંધર આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાસ્ત્રોક્ત વિધિસર સંપન્ન થઈ. આજે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન અને રાજી થઈને તમામ નવા દીક્ષાર્થી સંતોને આશીર્વાદ આપ્યા હતા. દરેક સંતોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ઠાકોરજીના દર્શન કરી, વડીલ સંતોના દર્શન કરી પોતપોતાના આસને પધાર્યા હતા. સમગ્ર સુંદર આયોજન અમદાવાદ મંદિરના વિદ્વાન કથાકાર પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ થયું હતું. (કોઠારી સ્વામી)

**અમદાવાદ મંદિરમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ (૨૦૨૧) ભવ્યતાથી ઉજવાયો**

પણ છેલો છે આ જે ઉપાય રે,
બહુ જીવ તરશે આ માંય રે ॥
ધર્મવંશી આચારજ ધાર્યા રે,
ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥૬॥
(પુ.પ્ર.)

સર્વાવતારી સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના ઉત્તર અને દક્ષિણ એમ બે વિભાગ કરી અનુક્રમે અમદાવાદ અને વડતાલ એમ સત્સંગની બે સનાતન ગાદી કરી તે ગાદી પર ધર્મદેવના કુળમાં ધર્મવંશી આચાર્ય (ગુરુ) પદ સ્થાપન કર્યું છે તે પરંપરામાં શ્રીહરિના સાતમાં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગુરુપૂજનનો કાર્યક્રમ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી અને પૂ. મહંત શા. સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી કોરોના કાળના સલામતીના નિયમોનું પાલન કરીને તા. ૨૪-૭-૨૧ (ગુરુપૂર્ણિમા)ના રોજ દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગે મંદિરના ત્રણેય દેરાને ફુલછોડ તથા વેલીથી ગ્રીનરી કરી તથા સભામંડપને રંગ બેરંગી ધજા-પતાકાથી સુશોભિત કરવામાં આવ્યા હતા. સર્વે ભક્તજનો ધર્મકુળ તથા મહોત્સવનું સુખેથી દર્શન કરી શકે તે હેતુથી મંદિરના પ્રાંગણને સભામંડપના રૂપમાં પરિવર્તિત કરીને સૌને બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોનું ઢોલ-ત્રાંસાના પડઘમ સાથે સંતો-ભક્તોએ સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌ પ્રથમ ગણપતિ, હનુમાનજીનું દર્શન કરી અનુક્રમે શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી ધર્મ ભક્તિ હરિકૃષ્ણ મહારાજની શણગાર આરતી ઉતારી શ્રી ઘનશ્યામ મહારાજ સહિત સર્વે દેવોનું દર્શન કરી સભા મંડપની બેઠકે પાટ પર વિરાજ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી નિવૃતિની મર્યાદાનું પાલન કરતા થકા ખુરશી પર બિરાજ્યા હતા.

સૌ પ્રથમ મંદિરના ભૂદેવોએ આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ હ. પુત્ર મેહુલ અને પુરવ (માણસાવાળા) પરિવાર દ્વારા શ્રીહરિના ત્રણેય સ્વરૂપોનું સ્વસ્તિવાચન સાથે અર્ચન-પૂજન કરાવ્યું હતું. ત્યાર પછી સમગ્ર સંત સમુદાય વતી પૂ. મહંત સ્વામી સાથે અન્ય પાંચ અગ્રગણ્ય વડીલ બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા તથા ઉપસ્થિત સૌ હરિભક્તો વતી સમગ્ર યજમાન પરિવાર સાથે ટ્રસ્ટીગણ અને આગેવાન હરિભક્તોએ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોની આરતી ઉતારી હતી.

પ.પૂ. મહંત સ્વામીએ સભા સંચાલનની સાથે મહોત્સવના સૂચિત સ્થળ (મહેસાણા કલોલ હાઈવે, જમિયતપુરા પ્રભા હનુમાનજી પાસે સિમાડામાં રોડના કાંઠે)ની તથા મુખ્ય યજમાનો અને તેઓએ અર્પણ કરેલ નિધિની અને સંતોને ફાળવેલ જુદા જુદા વિસ્તારોમાં પ્રચાર-પ્રસારના કાર્યભારની રૂપરેખા સંભળાવી હતી.

અંતમાં શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોએ આ પાવન પ્રસંગને અનુરૂપ ખૂબ મનનીય ગૂઢ અને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ધામોધામથી સંતો તથા હજારો ભક્તજનો દર્શન કરી ધન્યભાગી થયા હતા. સૌના માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કાલુપુર મંદિરની યુ-ટ્યુબ ચેલન પરથી કરવામાં આવ્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામના ગામોમાં "પર્વ" મહોત્સવ નિમિત્તે સત્સંગ સભાઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તેમજ પ.પૂ. ૧૦૮

લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વમાં ૨૦૦ વર્ષ (શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ)ના ઉપલક્ષમાં સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ દ્વારા મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શન પ્રમાણે જેતલપુરદેશના ગામડાઓમાં દર મહિને તારીખ વાઈઝ સત્સંગ સભાઓનું સંત મંડળ દ્વારા આયોજન કરવામાં આવે છે.

દર મહિનાની ૧ તારીખ ગામડી ગામે સભા, ૩ તારીખે અસલાલી ગામે સભા, ૫ તારીખે મહિજડા ગામે સભા, ૧૫ તારીખે જેતલપુરધામે સભા, ૧૭ તારીખે બારેજા ગામે સભા, ૧૯ તારીખે વસઈ ગામે સભા, ૨૨ તારીખે મીરોલી ગામે સભા, ૨૬ તારીખે નવાગામે ગામે સભા, ૨૮ તારીખે મહિજ ગામે સભા, ૩૦ તારીખે પાલડી-કાકજ ગામે સભા. દરેક ગામના હરિભક્તો ખૂબજ ઉત્સાહપૂર્વક સભાનો લાભ લઈ રહ્યા છે. (મહંત કે.પી. સ્વામી તથા શા. સ્વામી ધર્મનંદનદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર)માં કેસર જળાભિષેક અને મહાપૂજા

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી તથા સ.ગુ. ભંડારી સ્વામી શ્રી જાનકીવલ્લભદાસજી (પોરડા)ની પ્રેરણાથી અને મહંત શા. સ્વામી વાસુદેવચરણદાસજીના માર્ગદર્શનથી પ.ભ. શ્રી બાબુભાઈ પી. શિંગાળાના યજમાનપદે જેઠ સુદ પૂનમ તા. ૨૪-૬-૨૧ ના રોજ સવારે ૬-૩૦ કલાકે મંદિરમાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો દિવ્ય કેસર જળાભિષેક થયો હતો. મંદિરના બન્ને પૂજારી સ્વામીની સાથે કાળુપુર મંદિરેથી પધારેલા શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી મુકુન્દાનંદજી પણ કેસર સ્નાનમાં જોડાયા હતા.

સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાક પર્યંત ઓનલાઈન મહાપૂજાનું આયોજન થયું હતું. કોરોના મહામારીને ધ્યાનમાં લઈ યજમાનશ્રીએ મંદિરમાં બેસીને તથા અન્ય સૌ હરિભક્તોએ ઘેર બેઠા મહાપૂજાનો દિવ્ય લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ આપણા કાલુપુર મંદિરની યુટ્યુબ ચેનલ પરથી કરવામાં આવ્યું હતું.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ અને હર્ષદ કોલોની (બાપુનગર)માં 'પર્વ'ના ઉપલક્ષમાં સંપન્ન થઈ રહેલ કાર્યક્રમો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભ આશીર્વાદથી તેમજ પૂ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા)ની પ્રેરણા અને મહંત સ્વામી ધર્મસ્વરુપદાસજી અને મહંત શા. સ્વા. વાસુદેવચરણદાસજીના માર્ગદર્શનથી આગામી પર્વના ઉપલક્ષમાં તા. ૩-૭-૨૧ થઈ શરૂ કરી દર શનિવારે રાત્રે ૯ થી ૧૧ મંદિરના સભામંડપમાં સંતોના સાનિધ્યમાં સભા થાય છે. જેમાં પ્રથમ સભામાં સમૂહ ભક્તચિંતામણીના પાઠ અને ત્યાર પછીની દરેક સભામાં ધૂન, કીર્તન સંતો દ્વારા કથાવાર્તા, શ્રી નરનારાયણ અષ્ટક અને અંતમાં આરતી તેમજ પ્રસાદની સુંદર પ્રવૃત્તિ થાય છે. તા. ૧૮-૭ ની સભામાં કાલુપુર મંદિરેથી સંતો પધાર્યા હતા. શ્રી સ્વામિનારાયણ મંત્રલેખનની નોટબુકમાં હરિભક્તો શ્રધ્ધા અને સમય મુજબ મંત્રલેખન નિયમિત રીતે કરે છે.

તા. ૧૧-૭-૨૧ ને રવિવારના વહેલી સવારે ૫-૦૦ કલાકે સંતો સાથે વિશાળ સંખ્યામાં ભક્તજનોએ પદયાત્રામાં જોડાઈને કાલુપુર મંદિર શ્રી નરનારાયણાદિક દેવોના મંગળા સ્વરૂપનું દર્શન કર્યું હતું. દ્વિતીય પદયાત્રા તા. ૨૦-૭-૨૧ ના રોજ સંપન્ન થઈ હતી જે હવે પછી નિયમિત દર એકાદશીએ સંપન્ન થશે.

હર્ષદ કોલોની મંદિરમાં પ.ભ. શ્રી દાસભાઈના માર્ગદર્શનથી તા. ૨૦-૬-૨૧ થી શરૂ કરી દર રવિવારે તથા રવિવાર સિવાયના દિવસોમાં પણ રાત્રે ૯ થી ૧૧ મંદિરમાં તથા આજુબાજુના રહેણાંક વિસ્તારમાં ઉપર લખ્યા મુજબની પ્રવૃત્તિ સાથે સભાઓ થાય છે. બહેનો દ્વારા મંદિરમાં તથા આજુબાજુના વિસ્તારના ઘરોમાં બપોર પછી દોઢ કલાક વિશેષ ધૂન થાય છે. સભામાં મહંત શા. સ્વા. વાસુદેવચરણદાસજી, પૂજારી બ્ર. સ્વા. મુકુન્દાનંદજી, મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી, મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી તથા શા. સ્વા. રામકૃષ્ણદાસજી આદિક બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો સમય અનુકુળતા મુજબ પધારીને 'પર્વ'ના ઉપલક્ષમાં પોતાની અમૃતવાણીનો લાભ આપી રહ્યા છે.

તા. ૪-૭-૨૧ ને રવિવારના હર્ષદકોલોનીથી કાલુપુર મંદિર સુધી પ્રથમ પદયાત્રા તથા તા. ૧૧-૭-૨૧ ના દ્વિતીય પદયાત્રા સંપન્ન થઈ હતી. જે પદયાત્રાનો કાર્યક્રમ તા. ૨૪-૭-૨૧ ગુરુ પૂર્ણિમાથી શરૂ કરી આગામી પર્વના મહામહોત્સવ સુધી દર પૂનમના દિવસે નિયમિત રીતે સંપન્ન થશે.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

### ગાંધીનગર, સે-૨૩, શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા હિંડોળા મહોત્સવ અને મંત્રલેખન યજ્ઞ

વિશ્વના સર્વ પ્રથમ સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદમાં બિરાજતા શ્રી નરનારાયણ ભગવાનના દ્વિશતાબ્દી પ્રસંગે ઉજવાનારા ' પર્વ ' ના ઉપલક્ષ્યમાં શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા, આશીર્વાદથી આપણા ગાંધીનગર, સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા મહોત્સવના સૌ પ્રથમ દિવસે શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણ ભગવાનની રેખાંકિત સ્વરૂપની પ્રતિકૃતિ સાથેનો આબેહૂબ હિંડોળો બનાવી શ્રી નરનારાયણ ભગવાનને હરખના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા.

ગાંધીનગરના ભાવિક ભક્તજનોએ સરકારશ્રીની ગાઈડલાઈનને અનુસરીને આ કલાત્મક હિંડોળાના દર્શનનો લાભ લીધો હતો.

''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં દેશ-વિદેશમાં અનેકવિધ સેવા-ભક્તિના કાર્યક્રમો ઉજવાઈ રહ્યા છે. તેમાં મંત્રલેખન વિભાગમાં ગાંધીનગર, સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી મંત્રલેખન યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. મંત્રલેખન માટે અમદાવાદ મંદિર દ્વારા પ્રકાશિત નોટબુકની સાથે અહીંના મંદિર દ્વારા પેન વિનામૂલ્યે આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં ૨૦૦૦થી વધુ નોટબુકો સત્સંગીઓને આપવામાં આવી છે. સત્સંગીઓને આ મંત્રલેખન માટેનું બળ પુરૂ પાડી પૂ. લાલજી મહારાજ શ્રીના મંત્રલેખન યજ્ઞના સંકલ્પને શાસ્ત્રી સ્વામીએ વેગવંતો બનાવ્યો છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા દ્વારા ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભાઓનું આયોજન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આગામી પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહામહોત્સવ ''પર્વ''ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા દ્વારા સ.ગુ. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી અમદાવાદ નારણપુરા સ્વામિનારાયણ મંદિરના સંત સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ નીચેના ગામોમાં હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. તા. ૨૫-૬-૨૧ કરશનપુરા, તા. ૨૬-૬-૨૧ મોટપ, તા. ૨૭-૬-૨૧ કડા, તા. ૨૯-૬-૨૧ ધિણોજ, તા. ૧-૭-૨૧ વસઈ (ડાભલા), તા. ૩-૭-૨૧ વિસનગર અને તા. ૪-૭-૨૧ મહેસાણા આદિ ગામોમાં રાત્રે ૯ થી ૧૦-૩૦ દરમ્યાન કથાવાર્તા-કીર્તન-ધૂન અને 'પર્વ' મહોત્સવ પ્રસંગમાં વિવિધ કાર્યક્રમો અને પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનનો મહિમા માહાત્મ્ય સૌને સરળ ભાષામાં સમજાવ્યું હતું. ઉપરોક્ત ગામોના હરિભક્તો પણ ખૂબજ ઉત્સાહથી આપણા ''પર્વ'' મહામહોત્સવને ઉજવવા થનગની રહ્યા છે.

(હિતેન્દ્રસિંહ રાઓલ - મહેસાણા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રે હિંમતનગર મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા સમસ્ત સત્સંગ સમાજના સહયોગથી વર્તમાન કોરોના કાળમાં જરૂરિયાતમંદ લોકોને સતત એક માસ સુધી બન્ને ટાઈમ એકસો માણસોનું ટિફિન દરેક ઘર સુધી પહોંચાડ્યું હતું.

સાથે આવી અસહ્ય ગરમીમાં ઠાકોરજીને તા. ૧૪-૫-૨૧ થી તા. ૨૦-૬-૨૧ પર્યન્ત પૂજારી સ્વામીએ સુંદર મલિયાગરના વાઘા ધરાવી સૌને દર્શન કરાવ્યા હતા.

(પાર્ષદ વિજય ભગત - હિંમતનગર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા તળપદ ''પર્વ''ના ઉપલક્ષમાં (ભાઈઓ-બહેનોના મંદિરમાં) અખંડ મહામંત્ર ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહામહોત્સવ ''પર્વ''ના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા તળપદ ભાઈઓનું અને બહેનોના બંને મંદિરમાં તા. ૨૬-૩-૨૧ થી તા. ૬-૭-૨૧ દરમ્યાન રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન ગામના તમામ ભાઈઓ અને બહેનોએ સાથે મળીને શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૦૦ કલાક ધૂન કરી હતી. (કોઠારીશ્રી, શ્રી સ્વા.મંદિર તળપદ અને બહેનોનું મંદિર - લીલાબેન ડાંગરવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર ''પર્વ''ના ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર દ્વારા કે.એમ.જી. જનરલ હોસ્પિટલ સંચાલિત જે. એમ. કડકીયા (ગ્રીન ફાઉન્ડેશન)ના લાભાર્થે લાયન્સ ક્લબ બાલાસિનોર અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં આપણા શ્રી નરનારાયણ ભગવાનના આશ્રિત હરિભક્તોએ ૪૪ બોટલ બ્લડ ડોનેશન કર્યું હતું. જેમાં કોઠારી મધુભાઈ ત્રિવેદી, રાકેશભાઈ અને ગોવિંદભાઈ અને યુવા સત્સંગીઓએ સુંદર સહયોગ આપ્યો હતો. (પ્રવિણ જે. સેવક - લાયન્સ ક્લબ)

**પ્રતાપપુરા ગામે 'પર્વ'ના ઉપલક્ષમાં ધૂન-કથાવાર્તા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહોત્સવ 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ ગાંધીનગર મંદિરના મહંત શા. પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રે પ્રતાપપુરા ગામે ધૂન-કથાવાર્તાનું સુંદર આયોજન થયું હતું. જેમાં શા. પી.પી. સ્વામી અને શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી પધાર્યા હતા અને ગામના સર્વે ભક્તોને કથાવાર્તા કરીને ''પર્વ'' ઉત્સવની રૂપરેખા સમજાવી હતી. (કોઠારીશ્રી પ્રતાપપુરા)

**અમદાવાદ શહેર ચોર્યાસીની 'પર્વ'ના ઉપલક્ષમાં સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણ ભગવાનના દ્વિશતાબ્દી મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી

વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી અમદાવાદ શહેર ચોર્યાસીના તમામ હરિમંદિરો અને શિખરબધ્ધ મંદિરો જેમાં અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી સદ્. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી તથા અમદાવાદ શહેર વિસ્તારના તમામ મંદિરના મહંતશ્રીઓ તથા હરિમંદિરના આગેવાન હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સૌને શાસ્ત્રીશ્રી રામ સ્વામીએ પર્વ ઉત્સવના તમામ કાર્યક્રમોથી વાકેફ કર્યા હતા.

(સ્વા. દેવપ્રકાશદાસ)

**'પર્વ'ના ઉપલક્ષમાં બાલવા ગામે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી એવમ્ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહામહોત્સવ 'પર્વ' ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા પ્રેરણાથી તથા શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી બાલવા ગામે સર્વે હરિભક્તોની ઉપસ્થિતિમાં શા. પી.પી. સ્વામી અને શા. રામ સ્વામીએ 'પર્વ' ઉત્સવ અંતર્ગત તમામ રૂપરેખા સાથે કથા વાર્તાનો લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી બાલવા)

**કર્મશક્તિ અમદાવાદ 'પર્વ'ના ઉપલક્ષમાં ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણ ભગવાનના દ્વિશતાબ્દી વર્ષ 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ગાંધીનગર સે.-૨ ના મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કર્મશક્તિ મંદિરમાં મહામંત્ર ધૂનનો પ્રારંભ શા. પી.પી. સ્વામી અને પૂજારી દેવપ્રકાશદાસજીએ કરાવી સૌ હરિભક્તોને કથાનો સુંદર લાભ આપ્યો હતો.

**કલ્યાણપુરા ગામે 'પર્વ'ના ઉપલક્ષમાં મહામંત્ર ધૂન-કથા વાર્તા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી એવમ્ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ 'પર્વ'ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી ગાંધીનગર સે-૨ મંદિરના મહંત શા.પી.પી. સ્વામી અને શા. સ્વામી રામકૃષ્ણદાસજી આદિ સંત મંડળે હરિભક્તોને કથા વાર્તાનો લાભ આપી 'પર્વ'ની રૂપરેખા સમજાવી હતી.

(કોઠારીશ્રી કલ્યાણપુરા)

**ઈશ્વરપુરા ગામે 'પર્વ'ના ઉપલક્ષમાં મહામંત્ર ધૂન-કથા વાર્તા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી 'પર્વ'ના મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી અત્રે ઈશ્વરપુરા ગામે ગાંધીનગર (સે-૨) મહંત સ્વામી પી.પી. સ્વામી અને શા.સ્વા. રામકૃષ્ણદાસજી આદિ સંતોએ અહી મંદિરમાં સર્વે હરિભક્તોની સભામાં કથાવાર્તા ધૂન-ભજન કીર્તન કરીને સૌ હરિભક્તોને પર્વ મહોત્સવમાં તમામ પ્રકારની સેવા કરવા પ્રેરણા કરી હતી. (કોઠારીશ્રી ઈશ્વરપુરા)

**લીંબોદરા ગામમા 'પર્વ'ના ઉપલક્ષમાં સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી 'પર્વ' મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા-આજ્ઞાથી લીંબોદરા ગામે મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર) તથા શા. સ્વા. રામકૃષ્ણદાસજીએ કથાવાર્તા દ્વારા પર્વ મહામહોત્સવની રૂપરેખા સાથે સૌને સેવા કરવા પ્રેરણા કરી હતી. (કોઠારીશ્રી લીંબોદરા)

**આર.સી.ટેકનિકલ ઘાટલોડિયા મંદિર 'પર્વ' પ્રસંગે સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી 'પર્વ' મહા મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી તથા મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી અત્રેના વિસ્તારના શ્રીહરિના આશ્રિતો કોરોનામાં અક્ષરનિવાસી થયા તેમના સ્મરણાર્થે મહામંત્ર ધૂન અને કથાવાર્તા ગાંધીનગર મંદિરના પૂજારી દેવ સ્વામી અને કાલુપુર મંદિરના ધર્મકિશોરદાસજીએ કરીને સૌને 'પર્વ' ઉત્સવની રૂપરેખા સમજાવી હતી.

(કોઠારીશ્રી, આર.સી.ટેકનિકલ ઘાટલોડિયા)

**કોટેશ્વર પર્વ નિમિત્તે વૃક્ષા રોપણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી વર્ષ ''પર્વ''ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા મુજબ શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વરમાં મહંત સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ૧૦૦ વૃક્ષોનું વાવેતર મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને ભીખુભાઈ દલસાણીયા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે કાલુપુર, ગાંધીનગર, નારાયણઘાટથી સંતો ઉપસ્થિત રહ્યા હતા.

(મહેન્દ્ર ભગત)

**પીપળજમાં ''પર્વ''ના ઉપલક્ષમાં ધૂન અને સત્સંગ સભાનું આયોજન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના શુભ આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી વર્ષ ''પર્વ''ના ઉપલક્ષમાં પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી

મહારાજશ્રીની આજ્ઞાથી ધૂન અને સત્સંગ સભાનું આયોજન થયેલ હતું. જેમાં સ.ગુ. પી.પી. સ્વામી, ધર્મકિશોર સ્વામી, સત્સંગભૂષણ સ્વામી, નરનારાયણ સ્વામી પધાર્યા હતા અને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. (કોઠારીશ્રી પીપળજ)

**પર્વના ઉપલક્ષમાં અરોડાથી કાલુપુર મંદિર પદયાત્રા**

વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ મધ્યે વિરાજીત ભરતખંડના રાજાધિરાજ ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવ જેમની શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પ્રતિષ્ઠા કરેલ તે શ્રી નરનારાયણદેવના ''પર્વ'' ઉત્સવ નિમિત્તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા એવં આશીર્વાદથી તથા ધોળકા મંદિરના મહંત સ્વામી સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી ઈડર દેશનાં અરોડા ગામથી અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર સુધી તા. ૧૬-૭-૨૦૨૧ થી તા. ૧૮-૭-૨૦૨૧ લગભગ ૭૦ જેટલા હરિભક્તો પદયાત્રા કરીને આવ્યા હતા. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભાશીર્વાદ સૌ હરિભક્તોને પ્રાપ્ત થયા હતા. (કોઠારીશ્રી અરોડા - ઈડર દેશ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (સરાચોકડી) ''પર્વ''ના ઉપલક્ષમાં સત્સંગ સભા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (સરાચોકડી) શ્રીજી સ્વામી તથા શા. સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહામહોત્સવ ''પર્વ''ના ઉપલક્ષમાં દર શનિવારે સત્સંગનું સુંદર આયોજન થાય છે. જેમાં ઉત્સવની તમામ રૂપરેખા સંતો દ્વારા સમજાવવામાં આવે છે. (અનિલ દુધરેજીયા)

**હળવદ જૂના ટાવરવાળું મંદિર સત્સંગ પ્રવૃતિ**

હળવદ જૂના ટાવર વાળા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પૂજારી શા. સ્વા. ભક્તિનંદનદાસજી હળવદ વિસ્તારના ગામોમાં સત્સંગ સભા દ્વારા ઉત્સવ અંગે સર્વે હરિભક્તોને માહિતગાર કરી સૌને તમામ પ્રકારની સેવામાં જોડાવા પ્રેરણા કરી રહ્યા છે. (અનીલભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (શ્રી હરિકૃષ્ણધામ) રણજીતગઢ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૧૧-૭-૨૧ ના રોજ સુંદર સત્સંગ સભા થઈ હતી. જેમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં પાટોત્સવ મહામહોત્સવ ''પર્વ'' ના ઉપલક્ષમાં ગામોગામ હરિભક્તોને તન, મન અને ધનથી જોડાઈને આવા આપણા જીવનમાં આવનાર મહા પર્વને ધામધૂમથી ઉજવવા પ્રેરણા કરી હતી. સંતોએ શ્રી નરનારાયણ ભગવાનનું મહિમા માહાત્મ્ય સમજાવ્યું હતું. (કોઠારીશ્રી રણજીતગઢ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) વાર્ષિક પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (સીતા દરવાજા) ધ્રાંગધ્રામાં બિરાજમાન સર્વોપરી ભગવાન શ્રીહરિનો ૧૫૭ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે મૂળી મંદિરના સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજી અને સ્વામી ધર્મજીવનદાસજીએ પધારીને સૌ ભક્તોને દેવ, આચાર્યશ્રી નો મહિમા માહાત્મ્ય સાથે પરમકૃપાળુ શ્રી નરનારાયણ ભગવાનના ૨૦૦ માં ''પર્વ'' મહામહોત્સવમાં સૌ હરિભક્તોને તન, મન અને ધનથી જોડાવા પ્રેરણા કરી હતી. અત્રેના રૂષિ સ્વામીએ ઠાકોરજીને અન્નકૂટ ધરાવી આરતી ઉતારી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ સર્વે આયોજન કર્યું હતું.

---

**બાવળા :** શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળાના મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચંદ્રપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી (બીલીયાવાળા)ની નિયુક્તિ કરવામાં આવી છે.

**કાંકરિયા રામબાગ અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી ગુરુ સ.ગુ. બ્રહ્મચારી ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજીની નિયુક્તિ કરવામાં આવી છે.

**અંજલી (વાસણા) :** શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ્વામી બ્રહ્મવિહારીદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ઉતમપ્રિયદાસજીની નિયુક્તિ કરવામાં આવી છે.

**ન્યુ દિલ્હી :** શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ્વામી યોગીચરણદાસજીની નિયુક્તિ કરવામાં આવી છે.

---

**અક્ષરવાસ :** કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પાર્ષદ રમેશ ભગત ગુરુ સ.ગુ. શા. સ્વામી કેશવચરણદાસજી (બાલાસિનોર મંદિરમાં સેવા પૂજા કરતા). તા. ૧૦-૭-૨૦૨૧ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

# સંવત ૨૦૭૭-૭૮ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| પોર-વાવોલ | સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) |
| ધમાસણા | સ્વામી જયપ્રકાશદાસજી ગુરુ સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર) |
| અમદાવાદ શહેર ચોર્યાસી | શાસ્ત્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી (ગાંધીનગર) |
| કણભા | શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) |
| બાલાસિનોર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર) |
| આંતરોલી | સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ્વામી જાનકીવલ્લભદાસજી (બાપુનગર) |
| લુણાવાડા | સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ્વામી મુકુન્દજીવનદાસજી |
| મારૂસણા-કટોસણા | સ્વામી સત્યસંકલ્પદાસજી ગુરુ સ્વામી જગદીશપ્રસાદદાસજી (ધોળકા) |
| ટ્રેન્ટ સીતાપુર | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| ખાખરીયા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી બાલકૃષ્ણદાસજી (જયદેવપુરા) |
| પ્રાંતિજ-મોડાસા | શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી ગુરુ સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા) |
| કપડવંજ | સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ સ્વામી આનંદપ્રસાદદાસજી (કાલુપુર) |
| સાણંદ-ગોધાવી | સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી |
| શિરોહી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજી |
| વિહાર-ગેરીતા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી ગુરુ સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (કાલુપુર) |
| વડું-ડાંગરવા | સ.ગુ. સ્વામી ધ્યાનપ્રિયદાસજી ગુરુ ધ્યાની સ્વામી (બોપલ) |
| બાલવા | સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ સ્વામી આનંદપ્રસાદદાસજી (કાલુપુર) |
| સાદરા-વાસણા | શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) |
| ભાત-કાસીન્દ્રા | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (અમદાવાદ) |
| નળકંઠા | શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કચ્છી) |
| વિરમગામ | શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| કુડાળ-રાજપુર | સ્વામી શ્રીરંગદાસજી ગુરુ સ્વામી હરિનારાયણદાસજી (અમદાવાદ) |
| લાંઘણજ | સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણમુનિદાસજી |
| મોખાસણ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મપ્રવર્તકદાસજી ગુરુ ધ્યાની સ્વામી (પેથાપુર) |
| સંતરામપુર | શાસ્ત્રી સ્વામી વિશ્વસ્વરૂપદાસજી ગુરુ ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી (અમદાવાદ) |
| ઉંઝા | સ્વામી ભક્તિનંનદાસજી ગુરુ સ્વામી પ્રેમસ્વરૂપદાસજી |

**પરત આવતા અંકો બંધ કરવામાં આવે છે**

દેશ વિદેશમાં પોસ્ટ થતા અમુક સભ્યના અંક સરનામું બરાબર હોવા છતાં પણ પોસ્ટમાંથી પરત આવતા હોય છે જેથી તેઓના અંક બીજા માસથી બંધ કરવામાં આવે છે જેની ખાસ નોંધ લેવી.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**જેઠ સુદ-૧** નાથીબા ભગત (અંબાપુર). **જેઠ સુદ-૩** અ.નિ. સ્વામી ભક્તિપ્રસાદદાસજી (ગઢપુર), પ.ભ. ચંદુભાઈ સોમદાસ ડેરીવાળા (અમદાવાદ), અ.નિ.પ.ભ. શકુંતલાબેન હેમાભાઈ પટેલ (નરોડા), પ.ભ. હેતલબેન અમિતભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. હર્ષદભાઈ પ્રભુભાઈ (અમદાવાદ), પ.ભ. રસિકભાઈ શંકરદાસ (આણંદપુરા), પ.ભ. ભાઈલાલભાઈ શામજીભાઈ (ધરમપુર). **જેઠ સુદ-૫** અ.નિ.પ.ભ. વિઠ્ઠલદાસ પ્રેમચંદદાસ ભાવસાર (અમદાવાદ), પ.ભ. ડૉ. રોશની ખીમાણી (દહીંસરા-કચ્છ). **જેઠ સુદ-૬** ન્યાલકરણ ઈન્ફ્રા (અમદાવાદ), પ.ભ. દવે નીતાબેન નવનીતભાઈ (મોરબી), અ.નિ.પ.ભ. ઘનશ્યામભાઈ લાલજીભાઈ ખોખરીયા (અમદાવાદ). **જેઠ સુદ-૭** અ.નિ.પ.ભ. અંબાબેન ગાંડાલાલ પટેલ (મોખાસણ). **જેઠ સુદ-૮** પ.ભ. પટેલ જાગૃતિબેન કમલેશભાઈ (બાયડ), પ.ભ. પટેલ કસળીબેન કેતનભાઈ (અમદાવાદ), પ.ભ. પટેલ ખુશ વિજયભાઈ (ધમાસણા), અ.નિ.પ.ભ. શાંતાબેન મનુભાઈ વાટલીયા (અમદાવાદ), પ.ભ. અરજણ રામજી કેરાઈ (રામપરવેકરા-કચ્છ), પ.ભ. રમેશભાઈ મૂળજીભાઈ ભીમજીભાઈ હિરાણી (સુખપર-કચ્છ), અ.નિ.પ.ભ. અમરબાઈ વેલજી ભંડેરી (સુખપર-કચ્છ), અ.નિ.પ.ભ. નારણભાઈ હિરજી ગોરસીયા (સુખપર-કચ્છ). **જેઠ સુદ-૯** અ.નિ.પ.ભ. કલાબેન રમણલાલ પટેલ (પલીયડ), પ.ભ. ગોરસીયા નાનજીભાઈ (કચ્છ). **જેઠ સુદ-૧૦** અ.નિ.પ.ભ. અમૃતભાઈ રણછોડભાઈ પટેલ (અંબાપુર), સાંખ્યયોગી રાજકુંવરબા તથા સાં. ઉષાબા (અમદાવાદ), પ.ભ. હરિકૃષ્ણ નાથાલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. રમણભાઈ શામળભાઈ પટેલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. સુભદ્રાબેન હરિભાઈ ભાવસાર (અમદાવાદ). **જેઠ સુદ-૧૧** (ફરાળ) અ.નિ.પ.ભ. માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર (સરસપુર). **જેઠ સુદ-૧૨** પ.ભ. પટેલ કનુભાઈ ભોગીલાલ (અમદાવાદ), પ.ભ. પટેલ વૃંદાલીબેન મિતુલભાઈ (અમદાવાદ), અ.નિ.પ.ભ. પટેલ સચિનકુમાર કનૈયાલાલ (ખરણા), અ.નિ.પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ (ગાંધીનગર), પ.ભ. વાટલીયા ભીમજીભાઈ નાનજીભાઈ (અમદાવાદ), અ.નિ.પ.ભ. નરેન્દ્રસિંહ જગદીશભાઈ સિંધવ (બળોલ-ભાલ), પ.ભ. પટેલ કાશીબેન કેશવભાઈ (ઉનાવા), પ.ભ. પટેલ સવિતાબેન લાલજીભાઈ (ખાખરીયા), પ.ભ. પટેલ અનિલ ગોવિંદભાઈ કુબેરદાસ પ્રભુદાસ (વિહાર), પ.ભ. મયંકભાઈ કામદાર (પોરબંદર), પ.ભ. ચૌધરી ગોપાલભાઈ જેશંગભાઈ (બાલવા), ફુલ મંડળીના બહેનો (હવેલી-કાલુપુર), પ.ભ. પ્રભુભાઈ રાણાભાઈ સોલંકી (વણી), અ.નિ.પ.ભ. મધુબેન ઈશ્વરભાઈ પટેલ (બાપુનગર), પ.ભ. પટેલ વિઠ્ઠલભાઈ એસ. **જેઠ સુદ-૧૩/૧૪** અ.નિ.પ.ભ. અમૃતભાઈ બાપુભાઈ ગોબરભાઈ ચૌધરી (બાલવા).

**જેઠ વદ-૧** પ.ભ. દેવેન્દ્રભાઈ (મુંબઈ), અ.નિ.પ.ભ. ભક્તિબેન બળવંતભાઈ સોની (રાણીપ). **જેઠ વદ-૨** પ.ભ. પુષ્પાબેન ગીરીશચંદ્ર શ્રીવાસ્તવ (અમદાવાદ), અ.નિ.પ.ભ. વાલબાઈબેન કાનજીભાઈ વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. મનસુખભાઈ પી. જાગાણી (રાજકોટ), અ.નિ. સાંખ્યયોગી રામબાઈ રૂડા (માધાપર-કચ્છ), અ.નિ.પ.ભ. વિરબાઈ લાલજી કાનજી (માંડવી-કચ્છ), અ.નિ.પ.ભ. ભીમજી કરશન હિરાણી (માંડવી-કચ્છ), અ.નિ.પ.ભ. વાલબાઈ કાનજી જીણા કેરાઈ (નારાયણપર-કચ્છ), અ.નિ.પ.ભ. ધનજી લાલજી વાઘજીયાણી (ગોડપર-કચ્છ). **જેઠ વદ-૩** પ.ભ. ઠક્કર લક્ષ્મીચંદભાઈ મગનલાલ (અમદાવાદ), પ.ભ. ચૌધરી દશરથભાઈ શીવાભાઈ (બાલવા), પ.ભ. વકીલ ભરતભાઈ પ્રભુલાલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. કાનજીભાઈ દેવસીભાઈ ભુડીયા (ફોટડી-કચ્છ), પ.ભ. પટેલ રવિન્દ્ર જીવાભાઈ (નરોડા), પ.ભ. પટેલ મહેન્દ્ર હાથીભાઈ (સોજા), અ.નિ.પ.ભ. કેશવલાલ અંબાલાલ પટેલ (અંબાપુર). **જેઠ વદ-૪** પ.ભ. કરશનભાઈ કાનજીભાઈ રાઘવાણી (અમદાવાદ), પ.ભ. લાલજી કરશન આસાણી (ભુજ-કચ્છ), પ.ભ. ધ્રુવિન શિંગાળા અને અંકિત ટીંબડીયા (નિકોલ), પ.ભ. નિત્ય સાગરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ધનુબેન શિવજી જેસાણી (બળદીયા-કચ્છ). **જેઠ વદ-૫** પ.ભ. લીલાબેન કે. પટેલ (અમદાવાદ), પ.ભ. પટેલ મહેશભાઈ ડાહ્યાભાઈ (પોર), પ.ભ. જસવંતભાઈ ફુલાભાઈ પટેલ (મોટેરા). **જેઠ વદ-૬** પ.ભ. પટેલ સવિતાબેન ચંદુલાલ (અમદાવાદ), અ.નિ.પ.ભ. પ્રવિણચંદ્ર ચિમનલાલ પંડ્યા (સાબરમતી), અ.નિ.પ.ભ. ફકીરભાઈ છોટાભાઈ પટેલ (કપડવંજ). **જેઠ વદ-૭** પ.ભ. પ્રેમબાઈ વિશ્રામભાઈ ડબાસીયા (મિરજાપુર-કચ્છ), કષ્ટભંજનદેવ પ્રસન્નાર્થે સ.ગુ. સ્વામી નૌતમપ્રકાશદાસજી (રડોદરા). **જેઠ વદ-૮** પ.ભ. અરવિંદભાઈ નારણભાઈ પટેલ (ધમાસણા), અ.નિ.પ.ભ. કાંતિલાલ સવજીભાઈ સોની (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ છગનભાઈ પટેલ (સુરત), અ.નિ.પ.ભ. નર્મદાબેન જગદીશભાઈ પટેલ (કંડારી). **જેઠ વદ-૯** પ.ભ. ડાભી પ્રવિણજી રજુજી (ડાંગરવા), પ.ભ. કેરાઈ રિકીન દિનેશભાઈ (કચ્છ). **જેઠ વદ-૧૦** પ.ભ. પટેલ કમલેશકુમાર દેવાભાઈ (નરોડા), પ.ભ. જય જસવંતભાઈ ગોવાણી (અમદાવાદ), અ.નિ.પ.ભ. વિઠ્ઠલભાઈ નારણભાઈ પટેલ (ચાંદખેડા), અ.નિ.પ.ભ. શાંતાબેન ફુલાભાઈ વેકરીયા (ખોડી), પ.ભ. પટેલ મુકેશભાઈ રામચંદ્રભાઈ (નારણપુરા), અ.નિ. સ.ગુ. શા.સ્વા. દેવચરણદાસજી (કાલુપુર). **જેઠ વદ-૧૧** (ફરાળ) અ.નિ.પ.ભ. ધનલક્ષ્મીબેન માણેકલાલ ભાવસાર (સરસપુર). **જેઠ વદ-૧૨** પ.ભ. શંકરભાઈ ફુલાભાઈ પટેલ (મોટેરા), પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ મુલચંદદાસ (ડાંગરવા), પ.ભ. પટેલ રમેશભાઈ અંબાલાલ (સારસા), પ.ભ. હિંગુ નરેન્દ્રભાઈ ખીમજીભાઈ (નરોડા), અ.નિ.પ.ભ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. પટેલ જયંતીભાઈ મફતભાઈ (ઝુંડાલ), અ.નિ.પ.ભ. રાજેન્દ્રપ્રસાદ રમણલાલ જોશી (અમદાવાદ), પ.ભ. રમેશભાઈ વાલજીભાઈ કાથરોટીયા (નિકોલ), પ.ભ. દેવજીભાઈ વશરામભાઈ પટેલ (અમરેલી), પ.ભ. નર્મદાબેન ખીમજીભાઈ પટેલ (મોરબી). **જેઠ વદ-૧૩** પ.ભ. વિક્રમભાઈ તથા બિપીનભાઈ (ગાંધીનગર), શ્રી સ્વામિનારાયણ મંદિર (કુંડળ). **જેઠ વદ-૧૪** પ.ભ. વિક્રમભાઈ બિપીનભાઈ (ગાંધીનગર), અ.નિ.પ.ભ. વલ્લભભાઈ રાજાભાઈ માંડલીયા (ધાંડલા), પ.ભ. પટેલ મિલી કિરીટભાઈ (ઝુંડાલ). **જેઠ વદ-૩૦** અ.નિ.પ.ભ. વિશ્રામભાઈ શામજીભાઈ વરસાણી (માનકુવા-કચ્છ), પ.ભ. દોશી પૂર્ણિમાબેન સિધ્ધાર્થભાઈ (પોરબંદર), અ.નિ.પ.ભ. રાધાબાઈ શીવજી કેરાઈ (સુખપર-કચ્છ), પ.ભ. અમરશીભાઈ રાઘવજીભાઈ પરમાર (રાજકોટ), પ.ભ. પિહુ મૌલિકભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બાબુભાઈ નારણભાઈ (મારૂસણા)

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



રીલીફ રોડતરફથી શ્રી સ્વામિનારાયણ મંદિરકાલુપુર
આવતા રોડના નવા દરવાજાનું ઉદ્ઘાટન
પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરાયું તે સમયે
સ્થાનિક રાજકિય કાર્યકરો સાથે



સુણાવાડા ગામે
પ.પૂ. લાલજી મહારાજશ્રીના
સાનિધ્યમાં સત્સંગ સભા

# પર્વ


ઉત્સવના ઉપક્રમે
વિવિધ ગામોમાં
સત્સંગ પ્રવૃત્તિ



આલવા - વૃક્ષારોપણ



સીધા
કીટ વિતરણ



મહેસાણા - સત્સંગ સભા



શેરથામ
ફૂલ



વાદીયાવડ- સુંદરકાંડ



જેતલપુર- ૨૦૦ બોરસલીના
વૃક્ષારોપણ



આમડી - સત્સંગ સભા





પીસોજ - સત્સંગ સભા

Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/026/2021/2023 Valid up to 31-12-2023




પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૨૪મો પ્રાકટ્યોત્સવ






શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના આગ્રહ અને સવલત માટે ઓનલાઈન ડોનેશન કાલુપુર મંદિરની ઓફિશીયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકશે.
http://www.swaminarayan.in/donation

Praful Kharsani